આવે છે ત્યારે એ વિચાર બીજું દશ્ય ભુવન ઉપર હેયાતીમાં આવે છે. એક મહાત્માએ લખ્યું છે કે રૂષિઓ પોતાની કલ્પેલી આકૃતિઓને અદૃશ્ય ભુવન ઉપરથી દશ્ય ભુવન ઉપર લાવી શકે છે આ આકૃતિ તેઓ કાંઇ નવી બનાવતા નથી પણ જે મૂળ અદૃશ્ય પદાર્થે અનાદિ કાળથી સઘળી આકૃતિઓમાં પ્રવેશ કીધો છે અને જે મૂળ પદાર્થમાં બીજ રૂપે સર્વે આકૃતિઓ રહેલી છે તે પદાર્થનો ઉપયોગ તેઓ કરે છે; આમાંથી જે આકૃતિને દશ્ય કરવી હોય તે પસંદ કરીને તેને પાછી દશ્ય ભુવન ઉપર બોલાવી લે છે.

એક અદૃશ્ય વસ્તુ દશ્ય કેમ થાય છે તેનો એક વ્યહવારિક દાખલો જોવો હોય તો તે નીચે મુજબ છે; જેમ આપણે ઊપર કહી ગયા કે એક આકૃતિ માનસિક ભુવન ઊપરથી આવતાં કામ માનસિક ભુવન ઊપર વધારે જડ થાય છે, અને ત્યાંથી ચિત્રગુપ્ત ભુવન ઉપર આવતાં વધારે જડ થાય છે, અને ત્યાંથી આ જડ ભુવન ઉપર આવતાં વધારે જડ થઈ દશ્ય થાય છે તેજ પ્રમાણે એમ ધારો કે એક કાચનું દેખીતું ખાલી વાસણ છે તેમાં હાઇડ્રોજન અને ઓકસીજન નામની અદૃશ્ય હવા ભરેલી છે હવે એમાં એક અગ્નિની ચિંગારી મુકીએ તો આ બંને હવા મળી જઇ તેનું પાણી થઇ જાય છે પણ આ પાણી હવા રૂપે થયલું હોય છે એટલે તે દેખાતું નથી પણ એ કાચના વાસણને થંડુ પાડવામાં આવે તો પછી તેમાંથી બાફનો ગોળો ધીમે ધીમે નીકળતો માલમ પડે છે. પ-

છી તે વાસણ ઉપર પાણીનાં ટીપાં બંધાયલાં માલમ પડે છે, અને પછી તે પાણી બંધાઈને તેનું બરફ થયલું માલમ પડે છે. એજ પ્રમાણે જ્યારે માનસિક ચીંગારીનો ચમકાટ નીકળ્યો કે તેની વિચાર આકૃતિ બંધાય છે, અને આ વિચાર આકૃતિ કામ માનસિક ભુવન ઊપર આવતાં વધારે જડ થાય છે એનો મુકાબલો એ કે પેહેલી અદૃશ્ય હવા હતી તેની વરાળ થઈ; પછી તે વિચાર આકૃતિ ચિત્રગુપ્ત ભુવન ઊપર આવે છે ત્યારે વધારે જડ થાય છે. એનો મુકાબલો એ કે પેલી વરાળનું પાણી થયું; ત્યારપછી તે વિચારઆકૃતિ જડ ભૂમિ ઉપર આવે છે ત્યારે વધારે જડ થાય છે. એનો મુકાબલો એ કે પાણી હતું તેનું બરફ બન્યું. ગુપ્ત વિદ્યાના અભ્યાસકને માલમ પડસે કે સૃષ્ટિક્રમમાં સઘળી ચીજો અનુક્રમે ચઢતી જાય છે અને જેમ આ જડ ભુવન ઉપર પદાર્થોની ચડતી ઉતરતી સ્થિતિ જોવામાં આવે છે તેજ પ્રમાણે અદૃશ્ય ભુવન ઉપર પણ જોવામાં આવશેજ, પણ જેઓ બ્રહ્મવિદ્યાના અભ્યાસક નથી તેઓને આ પાણીના દૃષ્ટાંતના મુકાબલાઓ અદૃશ્ય વસ્તુ કેવી રીતે જડ થાય છે તે સમજવાને, ઘણા ઠીક થઈ પડે છે.

વળી ખરી રીતે જોતાં સૂક્ષ્મ પદાર્થનું જડ પદાર્થમાં આવવું એ આપણા અનુભવની સૌથી સાધારણમાં સાધારણ બીનાઓની એક બીના છે. સઘળી વનસ્પતિ વાતાવરણમાંથી વાયુરૂપી પદાર્થો લઈ મોહોટી થાય છે અને એ વાયુરૂપી પદાર્થોમાંથી સંગીન અને પ્રવાહી પદાર્થો થાય છે. અદૃશ્ય પદાર્થોમાંથી

દૃશ્ય પદાર્થોનું બંધાવું એ પ્રાણશક્તિનો ઉદયોગ દેખાડી આપે છે; અને ઉપર કહેલી વિચારાકૃતિની ક્રિયા ખરી હોય કે ખોટી હોય પણ એટલું તો ખરૂંજ છે કે તેમ બનવું કંઈ અશક્ય કે અસાધારણ જેવું નથી. એ ખરૂંજ છે એનો પૂરાવો જોઇએ ખરો અને એ પુરાવો આપણને જે લોકો એ વિચારાકૃતિઓ જોઇ શકે છે તેના ઉપરથી મળી શકે છે; જેઓ નથી જોઇ શકતા અને તેથી એ વસ્તુને નથી માનતા તેઓનો પુરાવો જેઓ જોઇ શકે છે તેના પુરાવા કરતાં વધારે અગત્યનો છેજ નહીં. કારણ કે એમ સમજો કે એક સો આંધળા માણસનું ટોળું છે અને તેઓની સાથે એકજ માણસ એવો છે કે તે આંધળો નથી એટલે તે સઘળું જોઇ શકે છે. હવે આ સો આંધળાઓ એક પદાર્થને નથી જોઇ શકતા તેનો પુરાવો જે એક માણસ જોઇ શકે છે તેના કરતાં વધારે અગત્યનો નહીંજ હોવો જોઈએ. કેમકે વસ્તૂ છે છતાં પણ તેઓ દેખી શકતા નથી, અને પેલો તો દેખી શકે છે. આ વાતમાં બ્રહ્મજ્ઞાનના વિદ્યાર્થિઓએ તો ધૈર્યતા રાખવી જોઇએ કારણ કે લોકોના કહેવાથી જે કંઈ સત્ય હોય છે તેમાં ફેરફાર થતો નથી પણ એક કાળ એવો આવશે કે જેમ લોકો ગયા સૈકામાં મેસમેરીઝમ જેવી વસ્તૂનો તિરસ્કાર કરતા હતા પણ હાલ એ વસ્તૂ છે એમ માનવા લાગ્યા તેજ પ્રમાણે આ વિચારાકૃતિ જેવી વસ્તૂ છે એમ જ્યારે તેઓને સિદ્ધ થશે ત્યારે પોતાની મેળે માનવા લાગશે.

આ ઉપરથી માલમ પડે છે કે જે જે બીનાઓ બને છે તે આભાસ અથવા મનોવિકારના રૂપમાં માનસિક અથવા કામ માનસિક ભુવનમાંથી ઉત્પન્ન થાય છે; પછી તેનો સૂક્ષ્મ આકાર અને તે પછી જડ આકાર થઈ કૃત્યો અથવા બીના રૂપે આ જડ ભુવન ઉપર દૃશ્ય થાય છે તેથી ફરી આ બીના અથવા કૃત્યો આગળથી અસ્તિત્વ થએલાં માનસિક કારણોનાં કાર્યો છે.

હવે આપણું શરીર છે તે ગૂપ્ત વિદ્યા પ્રમાણે જોતાં આગળ અસ્તિત્વ થએલાં કારણોનું કાર્ય છે એટલે ફળ છે. એની આકૃતિ લિંગ શરીર ઉપરથી રચાયેલી છે. હવે પુનર્જન્મ કેમ થાય છે એ જો પાકી રીતે સમજવું હોય તો એટલું તો મનથી ગ્રહણ કરવું જોઇએ કે આગળથી લિંગ પદાર્થના બનેલા શરીર ઉપર આ જડ આકૃતિ બંધાય છે.

અને હવે આપણે માનસપુત્ર વિચારાકૃતિ ઉત્પન્ન કરી કામ માનસિક ભુવનની મારફતે કેમ કામ કરે છે તેના ઉપર આવીએ. સાધારણ પુરૂષોમાં એ માનસપુત્રને સ્વચ્છ માનસિક આકૃતિની મારફતે કામ કરવાને હજુ વખત થાય છે. આપણી દરરોજની રેહેણીમાં આપણે આવી રીતે આભાસ ઉત્પન્ન કરી તેની વિચારાકૃતિઓને જન્મ આપીએ છીએ.

એક માહાત્માનું કહેવું એવું છે કે માણસ પોતે પોતાની આસપાસ પોતે ઉત્પન્ન કરેલા તૂરંગો, ઇચ્છાઓ, તૃષ્ણાઓ, યોજનાઓ, અને વિકારોથી એક પોતાની દુનિયા ઉત્પન્ન કરે છે.

[આ ઘસધળાની અસર બીજા માણસો ઉપર કેવી રીતે થાય છે તેનો વિચાર કર્મના નિબંધનો એક ભાગ છે માટે તે હવે પછી નિકળશે તેની સાથે આવશે.] આ વિચારાકૃતિઓ તે માણસમાંથી જે વિજળિક પ્રકાશ (aura) નિકળે છે તેમાં રહે છે અને જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ તેઓની વધતી જતી સંખ્યા તેની ઉપર પોતાની હંમેશ પ્રબળ થતી શક્તિથી તે માણસ ઉપર અસર કરે છે; વારે વારે આવતા તેના વિચારો અને જાતજાતના વિચારો આ અસરને વધારે અને વધારે પુષ્ટિ આપે છે તે એટલે સુધી કે ચોકસ જાતની વિચારાકૃતિઓ તેના મનને વશ કરી દઈ તેને બીજો નવો વિચાર ન કરવા દેતાં પોતાનુંજ ધાર્યું કરાવી તેને એક જાતની ટેવ પાડી દે છે. માણસનો વિશેશ ગુણ આ પ્રમાણે બંધાય છે. અને એક પુખ્ત લક્ષણવાળા માણસને આપણે ઓળખતા હોઇએ તો તેની ચોક્કસ જાતની આસપાસની બીના ઉપરથી તેની વર્તણુંક કેવી હશે તે વર્તી શકીએ છિએ.

જ્યારે મૃત્યુનો વખત આવે છે ત્યારે સૂક્ષ્મ શરીરો આ જડ શરીરથી જુદાં પડી જાય છે. જેમ જેમ જડ શરીર ચીમળાતું જાય છે તેમ તેમ તેની સાથે વાસનારૂપ લિંગ શરીર વીખરાતું જઈ નાનું થતું જાય છે. વાંસનારૂપ શરીર (thought body) જે ગઈ જીંદગીનું કાર્ય છે તે એમનું એમ રહી તેમાં જુદી જુદી જાતનાં અનુભવો મેળવેલા હોય છે તેનો એકત્ર જથો થાય છે અને ઘણુાજ બહોળા થઈ ગયલા વિચારોને પોતામાં ઊતારી દે છે. મુઆ પછી અથવા પુનર્જન્મ આરંભ

કર્યા અગાઉ શું શું ફેરફાર થાય છે તેના ફક્ત અહિં તહીં ઈસારા લોકોના જથાની જાણને માટે કર્યા છે અને મદદ રહિત અભ્યાસકને એ ઈસારાઓ ઉપરથીજ તે વિષે જેટલું જાણી શકાય તે જાણવાનું છે; જે ચોક્કસ રીતે જણાવેલું છે તે તો એટલુંજ છે કે પુનર્જન્મ લીધાની અગાઉ આ વાંસનારૂપ શરીર ચિત્રગૂપ્ત ભુવન ઊપર આવે છે અને ત્યાંથી લિંગ પદાર્થ લઇ જે નવી દેહ થવાની છે તેને માટે લિંગ શરીર બાંધે છે. આ જડ શરીરની સાથે મગજ પણ લીંગ આકૃતિ ઊપરથી બંધાયલું હોય છે. તેથી મનુષ્યના મનની પ્રકૃતિ અને ગુણ દર્શાવનારૂં એ વાહન છે. અને એની બરાબર મનના ભોગવેલા સઘળા અનુભવો અને વલણને આ જડ ભુવન ઊપર અમલમાં આણનારૂં બીજું કોઇ વાહન નથી.

દૃષ્ટાંત તરીકે આપણે એક દુર્ગુણી પ્રકૃતિવાળો માણસઅને બીજો સદ્ગુણી પ્રકૃતિવાળો માણસનો વિચાર કરીએ. દુર્ગુણી પ્રકૃતિનો માણસ સ્વાર્થિ છે. સદગુણી પ્રકૃતિવાળો માણસ પરમાર્થિ છે. દુર્ગુણી પ્રકૃતિવાળો માણસ હમેશ સ્વાર્થિ વિચારોને, સ્વાર્થિ ઇચ્છાઓને, સ્વાર્થિ આશાઓને, અને સ્વાર્થિ યોજનાઓને, ઉત્પન્ન કર્યા કરે છે, અને આ આકૃતિઓ જેઓની આસપાસ જથામાં એકઠી થયા કરે છે તેઓની ઉપરજ પાછી અસર કરે છે, અને તેમ થઇ બીજાનો સ્વાર્થ ન જોતાં 'તેને પોતાનોજ સ્વાર્થ સાંધવાની આંધળી ટેવ પડી જાય છે. એનું મૃત્યુ થાય છે અને એનો જાતી ગુણ દૃઢ સ્વાર્થવાળો થાય છે. આ વાં-

સના ગુણ એમનો એમ રહે છે અને જ્યારે વખત આવે છે ત્યારે તેની લિંગ આકૃતિ બંધાય છે અને એ લિંગ આકૃતિ સ્વભાવિક રીતે જે નવું શરીર પુનર્જન્મને માટે બંધાવાનુ છે તેનાં બીઆં તરીકે કામ લાગે છે. હવે આ લિંગ બીજું પોતાને અનુકુળ આવે એવા કૂટુંબ તરફ ખેંચાઇ જઈ એવાજ સ્વાર્થ સાંધનારા માબાપને પેટે અવતરે છે અને એનું જે મગજ છે તે પણ સ્વાર્થિ પદાર્થનું અને સ્વાર્થિ માબાપને પેટે અવતર્યાથી સ્વાર્થિજ હોવાને લીધે કોઇપણ જાતના સદ્‌ગુણના લક્ષણ ન બતાવતાં હંમેશ દુર્ગુણી સ્વાર્થમાંજ મચી રહેલું જોવામાં આવે છે. બેહદ અને દૃઢ સ્વાર્થમાં આ ડૂબી ગયલો માણસ એના બીજા જન્મારાને માટે અપરાધયુક્ત મગજ તૈયાર કરે છે. આવી રીતે એક ઘણાજ ખરાબ ગુણવાળું બચ્ચું પેદા થાય છે અને એની ઉપર કેમે કરતાં માનસપુત્ર પોતાની સ્વચ્છ અસર અને મધૂર લાગે એવો સ્વરાનુક્રમ કરી શકતો નથી. આવા શરીરમાં જ્યારે માનસપુત્ર અવતરે છે ત્યારે તે આખો અવતાર વગર પ્રકાશનો જાય છે અને કામ વિકારોના જથા સાથે તેને હવાતિયાં મારવાં પડે છે. કોઈ વખત એમ પણ બને છે કે આવી મુશ્કેલીઓ વચ્ચે માનસપુત્ર પોતાનું વાહન જે શરીર છે તેની ઉપર પોતાનો પ્રકાશ પાડે છે અને નર પશુ મનને મુશ્કેલીથી અને પૂર્ષાર્થવડે વશ કરી શકે છે; આ ક્રિયા ઘણી ધીમે ધીમે પાર પડે છે છતાં સારાં કાર્યની કંઇ વૃદ્ધિજ થાય છે- પણ આવા આખા અવતારમાં પૂર્વના કરેલાં કર્મો ચાલુ

કર્મોના ઉપર બળ ધરાવે છે અને જે ઝેરનો પ્યાલો આગલાં ભવના ભૂલાઇ ગયલા દહાડાઓમાં ભરવામાં આવ્યો હતો તેનું ટીપેટીપું કડવું મ્હોં કરી આ અવતારમાં ગળીજવું પડે છે.

હવે બીજો મુકરરદમો જે સદ્ગુણી પ્રકૃતિનો છે તે 'માણુસ હંમેશ પરમાર્થિ વિચારાકૃતિઓનેજ જન્મ આપે છે બીજાઓને મદદ આપવાની ઇચ્છા રાખે છે, બીજાઓનું ભલું થાય તેવી પ્રેમવાળી યોજના રચે છે અને હમેશાં પારકાં આદમીઓનો શુભેચ્છક હોય છે. આ વિચારાકૃતિઓનો પણ એની આસપાસ એક જથો થાય છે અને તેઓ તેની ઉપર પોતાની અસર કરે છે અને તે માણુસને હમેશ પરસ્વાર્થિ થવાની વધારે અને વધારે ટેવ પડે છે અને પોતાનો સ્વાર્થ ભૂલી જઇ વધારે અને વધારે પારકાઓનું ભલું કરવાને ઇચ્છે છે, અને તેને લીધે જ્યારે તે મરી જાય છે ત્યારે તેની પ્રકૃતિમાં સ્વાર્થની એક પણુસલ માત્ર રહેતી નથી. જ્યારે તે આ દુનિઆમાં પાછો અવતરે છે ત્યારે લિંગ આકૃતિ જે તેના ગયા જન્મની પ્રકૃતિરૂપ છે તે એક સારાં આદમીના કુટુંબમાં અવતરે છે, જ્યાંથી તેને સઘળા સારા તત્વો મળે છે અને હમેશ મનસપુત્ર તરફથી જે ઇસારો થાય છે તેને તાબે થવાની ટેવ પડી રહેલી હોય છે. આવી પ્રકૃતિનુ લિંગ બીબું બંધાય છે તેથી ફરીને તેનું મગજ પણ એવીજ પ્રકૃતિનુ હોય છે, અને તે માણુસ હંમેશ પરમાર્થિ કામ ઉપરજ મચેલો રહે છે, અને પશુવત લાગણીઓ તેમાં રહેતીજ નથી. આ એક સંપૂર્ણ પરમાર્થી-

નો મુકરદમો છે અને તેના એક અવતારમાં સંપૂર્ણ પરમાર્થ હોવાને લીધે તેનો બીજો અવતાર પણ ઘણોજ પરમાર્થિ અને કૃપાવાળો થઈ પડે છે અને તેથી કરી આવાં સારાં કામવાળું અને મગજવાળું બચ્ચું આ દુનિયામાં અવતરે છે અને તેમાં માનસપુત્ર એવી રીતે પ્રકાશે છે કે તે સઘળી મનુષ્ય જાત ઉપર સરખી રીતે પ્રેમ રાખે છે અને પોતે તેના દાસ થઇ રહે છે તે એટલેસુધી કે આ કિર્તિવાળો માણુસ જે પુરષાર્થ કરતાં ખુદરતી ખુબીનું એક ફળ છે તેની ઉપર આખી દુનિયા ફિદા થાય છે અને તેને આશ્ચર્યથી જુવે છે. પણ આ ખુદરતની ખુબી કંઇ એકજ જન્મના પુરૂષાર્થનું ફળ નથી પણ ઘણાજ જન્મારા સુધી ચાલી રહેલી પશુપ્રકૃતિ સાથની લડાઇઓની ફત્તેહનું ફળ છે. આ ફત્તેહ માનસપુત્રની છે અને જ્યારે સંપૂર્ણ ફત્તેહ થાય છે ત્યારે જે અવતારમાં એ માનસપુત્ર જન્મેલો હોય છે તેનું અને તેની ફત્તેહનું તેના મનને ભાન આવે છે.

મનુષ્યની ઊત્તરોત્તર વૃદ્ધિક્રમ પગથીએ પગથીએ ચઢતો જાય છે; જન્મે જન્મે પ્રકૃતિ વધતી જાય છે, ફાયદા અને ગેરફાયદાઓથી લિંગ આકૃતિઓ બંધાતી જાય છે અને આ લિંગ આકૃતિઓ ઉપર નવા જન્મો રચાય છે. દરેક સદ્ગુણ એક પગથીયું ઉપર ચઢયાની નીશાની બતાવે છે અને નર પશુ પ્રકૃતિને વશ કર્યાની સાબેતી દેખાડે છે. અને સ્વભાવિક રીતે સારા લક્ષણવાળું બચ્ચું અવતરે છે એ બેશક તેના આ-

ગયા જન્મમાં તેના પશુવત મન ઉપર ફત્તેહમંદી મેળવ્યાની જેવી જોઇએ તેવી પુરતી શાબીતી આપે છે. માનસીક અને નિતિ વેહેવારમાં જેઓ પછાત અને નાહિંમત છે તેઓને તો આ ઉપદેશ કડવો ઝેર જેવો લાગશે પણ જેઓ મનુષ્ય અથવા દૈવીક ઉદારતાનો લાભ લઈ બેઠા ખાનારા નથી અને પોતાની મેહેનતથી મેળવેલા લાભનેજ પોતાનો કરી માને છે તેઓને તો આ ઉપદેશથી આણંદ તથા હર્ષ ઉપજશે. પશુવત મનને ઊંચી પદ્ધની ઉપર લાવી તેને દૈવિક કરવું એ જે માનસપુત્રનું કામ છે તે કામ પુરૂં થાય છે ત્યાંસુધી હજારો જન્મારા સુધી તે કર્યો જાય છે. એક જન્મારામાં તો તે આ કામમાંનુ અગરજો લેશ માત્ર કરી શકે છે તે છતાં તેની આગલા જન્મમાં જેટલી પશુપકૃતિ હતી તેમાંની થોડીએક ઓછી થાય છે. આ લેશ સુધરેલી પ્રકૃતિ ઉપરથી તેનો બીજો જન્મ થાય છે તે આના કરતાં વધારે સુધરેલો હોય છે અને તે વળી બીજા જન્મોને માટે કામ લાગે છે. એમ લેશ લેશ કરતાં અને પણુસલે પણુસલે દરેક જન્મમાં સુધારો થતો જાય છે, એમ કરતાં કરતાં હજારો વર્ષ થઈ જાય છે; વચમાં વચમાં તે પછાત પણ પડતો જાય છે પણ વળી પાછો ઉપર પણ વારંવાર ચઢે છે; કેટલીએક ભૂલો થાય છે તે બીજા જન્મારામાં ઘણી બાહાદુરીથી સુધારી લે છે; ઘા ખાય છે અને તેને પાછો બીજા અવતારમાં રૂઝ લાવે છે; એમ કરતાં કરતાં અને એકંદરે આગળ પોતાના દૈવીક અભ્યાસમાં તે વધ-

તો જાય છે તે દરમ્યાનમાં તેની પશુવત પ્રકૃતિ ઓછી થતી જાય છે અને દૈવીક પ્રકૃતીનો ભાગ તેમાં વધતો જાય છે; મનુષ્યની ઉત્તરોત્તર વૃદ્ધીક્રમની આવી હકીકત છે; માનસપુત્રનું પશુવત મનને દૈવીક પ્રકૃતિ ઉપર લાવવાનું જે કામ તે આવી ધીમી રીતે તે પાર પાડે છે આ વૃદ્ધિ જ્યારે ચોક્કસ હદ ઉપર આવે છે ત્યારે તે વખતનો અવતાર પ્રકાશિત થવાને શરૂ થાય છે, માનસપુત્રના ભણકારાઓને તે સ્વિકારે છે અને તેને અનુભવ થાય છે કે જે આ શરીર છે તે કાંઈ પોતે નથી પણ તેમાં જે પોતાપણું છે તે તો ખરેખરૂં અમર, સનાતન અને અવિનાશી છે. તેની સાધ્ય વસ્તુની તેને ઝાઝી ખબર પડતી નથી છતાં આત્માના પ્રકાશના સ્પર્શની લાગણી તેના ઉપર થવા માંડે છે અને જેમ એક ફુલની કળી સૂર્યના તેજમાં ખીલવાને માટે ફાટવાને તૈયાર રહે છે તેમ આત્મપ્રકાશ લેવાને તૈયાર થઇ રહે છે.

પુનર્જન્મનો હેતુ.

પશુવત મનને કેળવીને દૈવીક ગતિ ઉપર લાવવું એ પુનર્જન્મનો હેતુ છે એવું આપણે આગળ જોઇ ગયા. અને આ કેળવણી મનસપુત્ર મારફત થાય છે. આ સાધ્ય વસ્તુ કેમ પાર પડે છે તે આપણે ટુંકમાં તપાસીએ.

જ્યારે મનસપુત્ર પશુવત મનમાં વાસો કરવા આવે છે ત્યારે તે જે જડ પદાર્થમાં આવે છે તે જડ ઘણો ઘટ હોતો નથી. મનસપુત્ર આવા જડમાં માનસિક ગુણ દેખાડે છે પ-

ણુ માનસિકથી ઉલટા જે શારીરિક ગુણો—એટલે મગજમાંથી ઉત્પન્ન થએલા ગુણો—હોય છે તે તેમાં તે વખતે હોતા નથી; જીવાત્માનો સ્પર્શ જે વખતે સૂક્ષ્મ જડ સાથે થાય છે તે વખતે તે માનસિક બને છે અને ત્યારપછી ધીમે ધીમે કાયિક બને છે એટલે કે તેમાં ન્યાય, તર્ક અને વિચારશક્તિનો ભાગ આવે છે આ જે થાય છે તે ઘણાજ દૃઢ જડની સાથે સ્પર્શમાં આવવાથી થાય છે. પેહેલવેહેલાં તો માનસપુત્રને એકમેકના વિચારો સમજાવવા હોય છે તે અંતર ચક્ષુથી અને પછી તનમાયાવસ્થાથી સમજાવે છે; પણ પછી જેમ જેમ વધારે જડ પદાર્થ સાથે તેનો સ્પર્શ થતો જાય છે તેમ તેમ તેનું અંતર્ચક્ષુ અને તનમાયાવસ્થાથી વિચાર દર્શાવનારૂં સાધન બદલઇ જઇને તર્કવાળું અને શબ્દથી સમજાવનારૂં થઇ જાય છે, એટલે કે મનસપુત્રનો વધારે જડ સાથે સ્પર્શ થવાથી જે વિચારો પેહેલાં અંતર્જ્ઞાન શક્તિથી સમજાતા હતા તેજ વિચારો તર્ક અને વાણીથી સમજાતા થાય છે. માનસિક સાધન શારીરિકના કરતાં વધારે તીવ્ર, સૂક્ષ્મ અને સરળ છે, એની અંદર તનમાયાવસ્થાની સઘળી સ્થિતિઓ તથા હલકા પ્રકારનું અંતર્જ્ઞાન અને એકમેકના વિચાર જાણવા તથા દર્શાવવાની શક્તિનો સમાસ થયલો હોય છે; શારીરિક સાધન ધીમું છે અને મગજથી ઉત્પન્ન થતા સઘળા વિચારોની ક્રિયા શક્તિઓ જેની પ્રકૃતિ, તર્ક, ન્યાય અને આસપાસના સાધનોનો મુકાબલો કરી છેલ્લા ઠરાવ ઉપર આવનારી છે તેનો એમાં સમાસ થયલો હોય છે. જ્યારે આ ક્રિયા સંપૂર્ણ થાય છે અને મગજ

ઘણુંજ બુદ્ધિવાન થાય છે ત્યારે શૂક્ષ્મ લાગણીઓનું તેમાં ભાન આવે છે અને આ શૂક્ષ્મ લાગણીઓનુ ભાન તેના શારીરિક મન ઉપર એકદમ અસર કરે છે અને આ પ્રમાણે જ્યારે થાય છે ત્યારે તેને શૂક્ષ્મ લાગણીઓ જે અંતર્માનસ તરફથી આભાસ પાડે છે તે સમજવાને મુસ્કેલી પડતી નથી. આ પછી માનસિક બુદ્ધિ પણ શારરીક બુધિના જેવી પ્રકાશિત થતાં માણસને માટે સાધારણ થઈ પડે છે અને વગર મેહેનતે અને સાધારણ રીતે તે તેનો ઉપયોગ કરી શકે છે, આ પ્રમાણે તેનામાં શારીરિક અને માનસીક બુદ્ધિ એક થઇ જાય છે, અને મગજ બુદ્ધિના અનુભવની તેમાં માનસિક શક્તિઓ પાછી ઉપ્તન્ન થાય છે. ઘણાજ ઘટ જડ પદાર્થની સાથે સ્પર્શ થવાને લીધે જે માનસીક બુદ્ધિ ઉપર થોડા વખતને માટે આવરણ આવી ગએલું હતું તે ધીમે ધીમે ખસે છે અને જેમ જેમ જડ અંતર્માનસના કલ્લાસર અને પ્રકાશીત થાય છે તેમ તેમ તેમાં આવરણ અથવા અંધકારનો ભાગ ઓછો થાય છે અને પછી તેમાંથી જડ ગતિ જઇને દૈવીક ગતિ ઉપ્તન્ન થાય છે. સીક્રેટ ડોકટ્રીનમાં લખેલું છે કે, "હાલની કેહેવાતી સુધરેલી સ્થિતિએ માનસિક અને અંતર્જ્ઞાનનો ભોગ આપી શારીરિક બુદ્ધિને પૂર્ણ પક્વ કરેલી છે." પણ એમ થયા વગર અને જડનો અનુભવ લીધા વગર પશુવત મન દૈવિક સ્થિતિ ઉપર આવી શકતું નથી અને એજ પુનર્જન્મનો હેતુ છે. આપણો હાલનો જે આર્યવંશ છે તે ચઢતી પદ્દતિ ઉપર છે; તેમાં જે સ્વચ્છ અને સાદી શારીરિક બુદ્ધિવાળા મનુષ્ય છે તેઓથી જ-

ઈ શકાય એટલી ઉંચામાં ઉંચી ગતિ ઉપર તેઓ પહોંચે છે, અને અહીં તહીં જુઓ તો જગેજગ માનસિક તીવ્રતા જોવામાં આવે છે તે બીજુ કંઇજ નહીં પણ અંતર્માનસ છે તેની ફતેહના બીજ છે. આપણા કુળ અથવા વંશના કેટલાં-એક માણસો તો આ ફતેહ સિદ્ધ કરી ચૂક્યા છે અને જેને આપણે મહાત્મા અને અરહતના નામથી ઓળખીએ છેએ તે તેઓ છે. તેઓનું આ નામનું શરીર તેઓના અંતર્માનસનુ વાહન છે; આ શરીરના બંધનમાં તેઓ છેજ નહીં. પણ એ શરીરને આજડ ભુવન ઉપર કામ કરવાના સાધન તરીકે તેઓ વાપરે છે. અ-ને તેને પોતાના વિચાર આ જડ ભુવન ઉપર પાર પાડવાને તેમજ અંતર શક્તિઓને દર્શાવવાને અર્થેજ વાપરે છે કારણ કે અંતર્માનસથી એ શરીર વગર આ જડ ભુવન ઉપર કંઇ કામ થઈ શકતું નથી. એક આત્મા અધ્યાત્મ ભુવન ઉપર પોતાનું કામ કરી શકે છે ખરો પણ બીજાં બધાં ઉતરતાં ભુવન ઉપર તે કામ કરવાને શક્તિવાન નથી, કારણ કે જેવાં ભુવન ઉપર કામ કરવાનું હોય છે તે ભુવનના તત્વનું તેનું શરીર હોવું જોઇએ. અધ્યાત્મ બુદ્ધિ અને અધ્યાત્મ માનસીક ભુવન ઉપર તે તીવ્ર હોય છે પણ તેજ તીવ્રતાથી જડ ભુવન ઉ-પર કામ કરવાને તે અતી શુક્ષ્મ થઈ પડે છે. પુનર્જન્મના સા-ધન વડેજ જડને તે વશ કરી શકે છે અને સમ ભુવન ઉપર કામ કરી શકે છે. અરહતપણાનો અર્થ આજ છે. અધ્યાત્મ બુદ્ધિથી જેણે જડને જીતી વશ કરી અને દૈવીક ગતિ ઉપર આ-

વવાને માટે કોશીશ કરી કોઇ પામ્યો છે તેનું નામ આ- રહત છે.

ખુદરતી રીતે આવો સકળ સપ્ત ભુવન સંપૂર્ણ મનુષ્ય દુનિઆની સઘળી શક્તિઓ જેવી કે અધ્યાત્મિક, માનસિક અને કાયિક એ સર્વ શક્તિઓથી ભરપૂર છે. જેમ આ જડ પિંડમાં આ જડ બ્રહ્માંડની સર્વ શક્તિઓ સમાયલી છે તેજ પ્રમાણે માનસિક અને અધ્યાત્મિક બ્રહ્માંડની સર્વે શક્તિઓ આ જડ ઉપર અસર કરે છે માટે તે પણ આ પિંડમાં સ- માયલી છે. તેથી કરીને જેને આપણે ચમત્કાર કહીએ છૈએ તે નીપજે છે. ખરેખર રીતે જોતાં ચમત્કાર જેવું કાંઇ છેજ નહીં કારણ કે જે કાર્યોના આપણે ખરા કારણો જાણતા નથી તે કાર્યોને આપણે ચમત્કાર કહીએ છૈએ; પણ કારણો જાણી શ- કતા નથી; તેથી આપણાથી એમ તો કહેવાયજ નહીં કે તે- ઓની સ્થિતિ નથી; જેમ એક વિજળીનું ચક્રગમન જે ઠેકાણે બંધ પડયું હોય છે તે ઠેકાણેથી ઘણાએક કોશ દૂર તેની ફા- ટીને નીકળવાની અસર થાય છે તે પ્રમાણે પળોટાયલી ઇ- ચ્છાશક્તિ પોતે જે ભુવન ઉપર છે તેના કરતાં ઘણીજ ઉ- ચકી પ્રકારનાં ભુવન ઉપર પોતાની અસર બતાવી શકે છે જેને આપણે ચમત્કાર માનીએ છૈએ.

હવે અહીંઆ એક સવાલ ઉઠે છે તે એ છે કે એમ સમજો કે આ હેતુ પાર પડયો તો પછી તેનો છેડો શું આ- વે છે? આ હદ ઉપર આવ્યા પછી જે અંતર્જ્ઞાની માણુ- સ છે તેને માટે બે રસ્તા ખુલ્લા રહે છે. જે સઘળું જ્ઞાન

આ દુનિઆમાં મળવાનું હતું તે તેને મળી ચૂક્યું અને વધારે જ્ઞાનની પ્રાપ્તિ બીજા ગ્રહ ઉપર ગયા શિવાય તેને થતી નથી. તેને માટે તેને નિર્વાણુનો રસ્તો ખુલ્લો છે તે એક રસ્તો. બીજો રસ્તો એ છે કે નિર્વાણુ અથવા મોક્ષનો ત્યાગ કરવો, અને મનુષ્ય જાતની સેવા બજાવવાને અર્થે પૃથ્વિ ઉપર રેહેવું. એને માટે "ક્વાનીને" કહેલું છે કેઃ—

હું એકલપેટો થઇને મારા પોતાના મોક્ષને માટે કોઇ દીવસ પણ કોશેશ રાખીશ નહીં, શાંતિનો માર્ગ મારા એકલાને માટેજ શોધીશ નહીં, પણ હમેશ અને જ્યાં જઇશ ત્યાં આખી દુનિઆના તારણુને અર્થે યત્ન કરતો રહીશ" સુવર્ણ આજ્ઞાઓથી ભરપૂર જ્ઞાનમાળા નામના પુસ્તકમાંથી બ્રહ્મનાદ (Voice of silence) નામનું પુસ્તક વિદ્વાન મેડમ બ્લાવાટસ્કીએ બનાવ્યું છે તેમાં આ બે માર્ગનું વિસ્તારથી વર્ણન આપેલું છે અને તેનો ધર્મ અને હેતુ સમજાવ્યો છે. પશુવત મન ઉપર જીતનાર જીત મેળવી ઉભો રહે છે; તેનું મન એક સ્થિર માહાસાગરની માફક મોટું દરિઆવ થઇ ચોમેર ફેલાય છે. જીવન શક્તિ અને મૃત્યુ તેના કાબુમાં રહે છે. હવે એ ઉપરથી સવાલ એ ઉઠે છે કે એણે મહા શ્રમથી મેળવેલું ફળ એને મળવાનું તો ચોક્કસ છે ત્યારે શું એ ફળનો સ્વાદ પોતાના સુખ અને આરામને માટે પોતેજ ચાખશે અને મહા શ્રમ વેઠીને મહા માયાને વશ કરી છે તેની કીર્ત્તિ અને કુશળતાનો શું પોતેજ લાભ લેશે ?

પણ આ સવાલનો જવાબ સ્પષ્ટ રીતે એ નીકળે છે કેઃ—

હે સૃષ્ટિના ગુપ્ત ભેદને જાણવાને ઉમેદવારી ધરાવનાર

શિષ્ય એમ કંઇ બનતું નથી: જો કોઈ માણસ તથાગતના પવિત્ર પગલાંમાં ચાલવા માંગતો હોય તો તેને જે ફળ અને સિદ્ધિ પ્રાપ્ત થયલી છે તે પોતાને માટે વાપરવાની નથી. તું એમ જાણ કે મનુષ્ય હદ ઊપરાંતનું શ્રેષ્ટ અને દૈવિક જ્ઞાન જે તને પ્રાપ્ત થયલાં છે તે તારેજ હાથે તારે બીજે ઠેકાણે રેડવાનાં છે. પવિત્ર માર્ગને પામેલા હે તું એમ જાણે છે કે સ્વચ્છ અને તાજું પાણી તારી પાંસે છે તે આ ભવસાગર રૂપી દરીઓ જે માણસની ચક્ષુના આંસુનો બનેલો છે તેનાં ખારાં પાણીને મીઠાં કરવાને માટે છે. જો તું સાતમાં દ્વારમાં દાખલ થવા માંગતો હોય તો આવતા કલ્પોમાં જીવવાની શિક્ષા તું તારી મેળેજ તને કરે છે, તું માણસથી જાણ રહિત અને ઊપકાર રહિત થાય છે અને તારી હાલત એક રક્ષક કોટમાં ચણી લીધેલા સંખ્યાબંધ પથરામાંના એક પથરા જેવી થાય છે. દયાવાળા ઘણા માહાત્માઓના હાથથી ઉત્પન્ન થયલું, તે લોકોની વેદના ભરેલા શ્રમથી ઊછરેલું, અને તે લોકોના રૂધીરથી જોડાયલું જે ઉત્તમ પ્રકારનું જ્ઞાન તે મનુષ્ય જાતના રક્ષણને માટે છે અને માણસ તે આખરે માણસજ છે, માટે જે ભૂલો તે કરે છે અને વધારે દુઃખ અને દલગિરીમાં પોતાને લાવી નાંખે છે તેમાંથી બચાવનાર વસ્તુ તે આ જ્ઞાન છે. દયાવાણી બોલે છે કે જ્યારે આખી મનુષ્ય જાત પીડા ભોગવે છે ત્યારે તું તે પીડામાંથી તરી નીકળ્યો છે માટે તેમાં તું સુખી છે એમ માની લેશે ! આખી દુનિયા પીડામાં રડયા કરશે ત્યારે તારૂં તારણ થયાથી શું તું ખુશી થશે ? આ જે કહેવામાં આવ્યુ

છે તે સઘળું તેં સાંભળ્યું છે. તારી આગળ ગયલા તથાગતને પગલે ચાલી તારે પણ તેઓના જેવાજ અને નિરંતર પરમાર્થિ થવું હોય તો તારે સાતમે પગથિયે ચઢવાનું છે અને આખરનું જ્ઞાન મેળવવાનું છે, પણ આમ કર્યાથી તારે વિપત્તિ તો ખમવી પડશે. હવે તું વાકેફ થયો છે માટે જે માર્ગ તારે પસંદ કરવો હોય તે કર.

સંપૂર્ણ જ્ઞાનને પામેલો માણસ જે અરહત (માહાત્મા) છે તેની ફતેહમંદી નિર્વાણ માર્ગનો ત્યાગ કરી મનુષ્ય જાતની સેવા બજાવવાના પસંદ કરેલા માર્ગમાં સમાયલી છે; આ ત્યાગ મનુષ્ય જાતનો મોક્ષ થાય ત્યાંસુધીજ કરવાનો છે. તેણે જે જ્ઞાન મેળવ્યું તે, તથા તેને પ્રાપ્ત થયલી સિદ્ધિઓ મનુષ્ય જાતની સેવામાં તેઓને મદદ કરવામાં તથા તેઓને દોરવી ખરો માર્ગ જે પોતે ધર્યો છે તે માર્ગ બતાવવામાં તે કામે લગાડે છે. આ ઉપરથી માલમ પડે છે કે પુનર્જન્મમાંથી મુક્ત થઇને જેઓ મહા ત્યાગી થયલા છે તેઓની આખરની સાધ્ય વસ્તુ તે આજ છે. તેઓ દુનિયાના તારનાર થાયછે અને મનુષ્ય કુળની કિર્તિ તથા મનુષ્ય ઝાડનો ખીલેલો મોર છે. પુનર્જન્મથી સપ્ત ભુવન મનુષ્ય સંપૂર્ણ થાય છે પણ તે ગમે તે પ્રકારે ઊંચું જ્ઞાન મેળવે છે છતાં તેમાં થોડી ઘણી નિષ્ફળતા રહે છે, કારણ જ્ઞાન મેળવી આખી મનુષ્ય જાતનું તારણ થવાનું જે કામ છે તે તેના એકલાના સંપૂર્ણ થયાથી થતું નથી.

પુનર્જન્મના કારણો

પુનર્જન્મનું મુખ્ય કારણ સૃષ્ટિક્રમના નિયમ પ્રમાણે

જીવવાની તૃષ્ણા છે. કુદરતમાં એક ઘણાજ ઊંડા ભેદના રહસ્યવાળો એક નિયમ રહેલો છે જેનું કાર્ય આપણે જાણીએ છીએ, પણ જેનું મૂળ અને કારણ શું છે તે જાણતા નથી; અને જેને લીધે વખતનો ફેરફાર થયા કરે છે જેવો કે દહાડો, અને રાત્રિ, જીવન અને મૃત્યુ, જાગૃતપણું અને નિંદ્રા આ ફેરફારનો નિયમ એવો ચોક્કસ છે કે તે દરરોજ સાધારણ રીતે આપણા જોવામાં આવે છે અને એ ઉપરથી એમ માલમ પડે છે કે સૃષ્ટિમાંના સંપૂર્ણ નિયમોમાંનો આ એક નિયમ છે. ઓટ અને ભરતી, જે સૃષ્ટિના હૃદયના આકુંચન અને પ્રસારણ થવાનું કાર્ય છે તે દરેક ઠેકાણે જોવામાં આવે છે. પણ એનું કારણ શું છે તે આપણે જોઈ શકતા નથી, આ કેમ થાય છે તે આપણાથી કહી શકાતું નથી. પણ એ થાય છે તે ફક્ત માત્ર આપણે જોઈ શકીએ છીએ. મન્વંતર અને પ્રલય, બ્રહ્માની રાત અને દહાડો જે થાય છે તે પણ આ નિયમને અનુસરીનેજ થાય છે એમ ગુપ્ત વિદ્યા શાસ્ત્રમાં કહેલું છે. તેથી કરીને હિંદુઓએ આ સૃષ્ટિનું વ્યક્તપણું ઇચ્છાશક્તિથી થયું છે એમ સમજી એ ઇચ્છાને કામદેવનું રૂપ આપ્યું છે. ઋગ્વેદમાં પણ જે શક્તિથી સૃષ્ટિનું વ્યક્તપણું પ્રેરાયું અને થયું તેને કામેચ્છાનું રૂપ આપ્યું છે. બ્રહ્મને વ્યક્તપણામાં આણનાર પ્રેરક કામદેવ છે. બ્રહ્મમાં ઇચ્છાશક્તિ ઉત્પન્ન થઇ, આ ઇચ્છાશક્તિ મનના મૂળ બીજરૂપ હતી અને એ મનજ બંધન અને મોક્ષનુ કારણ છે એમ ઋષિ મુનીઓએ પોતાની બુદ્ધિથી શોધન કરી સિદ્ધ કર્યું છે. અવશ્ય કરીને ચૈતન્યવાળી,

ચંચળ અને તિવ્ર મનોભાવવાળી સ્થિતિ અને તામસિક જીંદગીની તૃષ્ણા રાખવી એજ કામના છે. જ્યારે અધ્યાત્મ બુદ્ધિનો સતસંગ ઇન્દ્રિય જ્ઞાન સાથે થાય છે ત્યારે તેને પેહેલાં તો તે તીવ્ર કરે છે, વ્યસ્ટિ તેમજ સમસ્ટિના પુનર્જન્મ થવા નું મૂળ કારણ કામના છે, અને એક વાંસના બીજી વાંસનાને ઉત્પન્ન કરે છે તેથી કરીને આ વાંસનાઓ મનસપુત્રને આ પૃથ્વિ સાથે બંધનમાં રાખે છે અને વારે વારે તેની પાસે પુનર્જન્મ લેવડાવે છે. હિંદુ અને બૌધ શાસ્ત્રોમાં આ સત્ય વિવેચનનું વારે વારે કથન કરેલું જોવામાં આવે છે. શ્રીમદ ભગવદ્ગિતાના ચોથા અધ્યાયમાં નીચે મુજબ કહેવામાં આવેલું છે.

"જે માણસ તૃષ્ણાથી મૂક્ત હોય છે અને પોતાના કર્મોને જ્ઞાનરૂપી અગ્નિથી ભસ્મ કરી નાંખે છે, તેને અધ્યાત્મજ્ઞાનીઓ ડહાપણવાળો પુરૂષ કહે છે. જે માણસ પોતાના કર્મના ફળની ઇચ્છા રાખતો નથી અને તેનાથી વેગળો રહે છે, નિત્ય સંતોષી રહે છે અને કંઇ પણ વસ્તુની તૃષ્ણા રાખતો નથી, જેણે પોતાનું તંન અને મંન વશ કર્યું છે અને વિષયમાં સુખ માનતો નથી અને કિંચિત પણ મોહ વગર શરીરના કાર્યોજ માત્ર શરીરવડે કરે છે તે જન્મ મરણના ફેરામાંથી મૂક્ત થાય છે."

એજ પ્રમાણે ઉદાન વર્ગ નામના બૌદ્ધ પુસ્તકમાં પણ નિચે પ્રમાણે કહેલું છે:—

જે માણુસ તૃષ્ણાની જાળમાં ફસાયલો છે તેમાંથી નિકળવું તેને માટે ઘણું મૂશ્કેલ છે. એક દૃઢ માણુસ જે તૃષ્ણારૂપી સુખની દરકાર નથી રાખતો તે માણુસ તૃષ્ણાઓને એક કોરે મુકી નિર્વાણ ગતિમાં જલદી પહોંચે છે.

તૃષ્ણામાં લીન રહી જે માણુસ વારે ઘડીયે આ જીંદગીમાં આવવાને શોધે છે તેને વારે વારે ગર્ભમાં ઊતરવું પડે છે. માણુસો વારે વારે જન્મ મરણ થયા કરે છે; એક સ્થિતિમાં આવી ગયા પછી બીજી સ્થિતિને પામે છે. આ દુનિયામાં જીંદગીથી મૂકત થવું એ મૂશ્કેલ કામ છે. જે માણુસ મોહ અને તૃષ્ણાથી મૂક્ત થઇને જન્મ મરણનું બીજ કહાડી નાંખે છે તે માણુસને ફરીથી જન્મ ધારણ કરવો પડતો નથી.

બીજાં બૌદ્ધ પુસ્તકોમાં પણ આ વિચારની અગત્યતા વારંવાર દર્શાવેલી છે. જ્યાંસુધી શિષ્ય તૃષ્ણા રહિત થતો નથી ત્યાંસુધી તેને નિર્વાણ માર્ગ મળવાનો નથી એમ વારંવાર ચેતવણી આપેલી છે. વાંસના અને વિકારથી માણુસો જન્મ મરણના બંધનમાં શી રીતે આવે છે તે વર્ણવ્યા પછી ધમ્મપદ નામના બૌદ્ધ ગ્રંથમાં જણાવ્યું છે કેઃ—

“જે માણુસ પરી પૂર્ણતા પામ્યો છે, જે પીડાથી કાંપતો નથી અને તૃષ્ણા રહિત અને કર્મ રહિત થયો છે તેણે પોતાના દેહને આ જીંદગીમાં ભોકાતી સઘળી જાતની કાંટાની શૂળોથી મૂક્ત કર્યો છે. જે માણુસ તૃષ્ણાથી અને તેના મોહની જાળથી મૂક્ત થયલો છે તે માણુસ આ જીંદગીનાં અને આ શરીરનાં સઘળાં કર્તવ્યો સમજી ચુક્યો છે અને જન્મ મરણનો આ તે

નો ઉદ્ધાર કરે છે. આવો મનુષ્ય [illegible] અથવા કવિ કહેવાશે.”

અને વળી શિવજી જ્યારે યોદ્ધા અવસ્થાને પામે છે ત્યારે તે પણ એજ પ્રમાણે કહે છે:—

“આ શરીરનો કર્તા કોણ છે તે જ્યાં સુધી હું શોધી કહાડીશ નહીં ત્યાં સુધી મને જન્મ મરણના ફેરાઓમાં આવવું જ પડશે. વારેઘડીએ જન્મ લેવો એના જેવું દુઃખ બીજું કોઈ નથી. પણ હવે આ શરીરના કર્તા મેં તને જોયો છે માટે હવે આ શરીરને તું બાંધી શકશે નહીં. હવે તારી બાંધણીના સઘળા સ્થંભો ભાંગી ગયા છે. તેનો મોભ તુટી ગયો છે અને આ મન પરમપદને અથવા નિત્યપદને પોંહોચી જવાથી સઘળી તૃષ્ણાઓનો નાશ થઇ ગયો છે.”

તૃષ્ણાના સ્વાભાવિક ગુણનો ખરેખરો અનુભવ અભ્યાસકને થશે ત્યારે તેને સમજણ પડશે કે અંતર મનસની સંપૂર્ણતા થવાને માટે તેનો (તૃષ્ણાનો) નાશ કરવાની કેટલી અવશ્યકતા છે. તૃષ્ણા શું છે એનો અનુભવ જ્યાં સુધી થતો નથી ત્યાં સુધી તૃષ્ણા રહેવીજ જોઇએ કારણકે અનુભવ વગર સંપૂર્ણતા મેળવાતી નથી. તે માટે જ્યાં સુધી પૂરેપૂરો અનુભવ મળ્યો નથી ત્યાં સુધી તૃષ્ણા ઉપર મોહ રહેશેજ અને મનસપુત્રને વારે ઘડીએ જન્મ ધારણ કરવો પડશેજ. પણ જેમ જેમ મનસપુત્ર શારીરિક સંપૂર્ણતામાં આવતો જાય છે તેમ તેમ આ તૃષ્ણારૂપી સાંકળનો એકેકો બંધ છૂટતો જાય છે, કારણકે તૃષ્ણા સ્વદેહિક હોવાને લીધે સ્વાર્થી હોય છે, અને જ્યારે મ

જ્યાંથી કર્મ ઉત્પન્ન થાય છે ત્યારે તે કર્મ પૂરેપૂરું વાસના રહિત હોતું નથી. કોઈ પણ જાતના જાતિ લાભની દરકાર ન રાખતાં અરહંત પોતાનું કામ તીવ્રતાથી નીરંતર કર્યા જાય છે. તે સઘળાને પ્રકાશ આપે છે પણ કોઈ પાસેથી તે લેતો નથી માટે જે માણુસ ઊંચ્ચી ગતિનો અભ્યાસ કરે છે તેણે તૃષ્ણાઓનો એકપછી એક ત્યાગ કરવોજ જોઇએ; પોતાના ખૂદના સુખની તૃષ્ણાનો, ખૂદની ખુશાનો, જાતિ લાભનો, અથવા સ્વાર્થનો, સ્વમમતાનો, સ્વપ્રાપ્તિનો અને તેમાં સૌથી અવશ્ય કરીને પોતાની એકલાની સંપૂર્ણ સ્થિતિ કરવાની ઇચ્છાનો ત્યાગ તેણે કરવોજ જોઈએ; કારણ અહંભાવનો સંભાવ કરી દઈ તેમાં તેને ઐક્ય કરવો જોઇએ.

પણ અહિંયાં અર્થનો અનર્થ ન થઇ જાય માટે બે ચેતવણી આપવાની જરૂર છે. પેહેલું તો એ કે સ્વમમતાઓનો એકદમ નાશ ન કરવો જોઇએ પણ જ્યાંસુધી તે સામાન્ય મમતામાં ભેળાઇ જાય ત્યાંસુધી તેનો ચોમેર ફેલાવો કરતા જવું જોઇએ; આપણા સગાંવાહાલાંઓ ઉપરથી ઓછી પ્રિતી ન કરવી જોઇએ. પણ બધાંએ ઉપર હેત ભાવ રાખવો જોઇએ જેથી કરીને આપણું પોતાનું બચ્ચું જ્યારે પીડાતું હોય છે અને જે દલગીરી તે વખતે લાગે છે તેના જેવીજ અને તેટલીજ દલગીરી બીજા માણસનું છોકરું પીડાતું હોય ત્યારે પોતાના મનમાં ઉત્પન્ન થવી જોઇએ, અને તેને પણ તેટલીજ મદદ કરવી જોઇએ. પ્રીતિ કરવામાં સમતા કરવી પણ તેને ઓછી નહીં કરવી. પ્રીતિ ઉત્પન્ન કરવામાં અંતઃકરણને અ-

દ ન કરતાં તેને જાગૃત કરવું જોઇએ. આ વાતનો અનુભવ થવાની નિષ્ફળતા થાય છે તેને લીધે અને અનુભવ થયા પછી સમભાવ કરવામા જે ઘણીજ મૂશ્કેલી નડે છે તેને લીધે જીંદગી લાંબી થવાને બદલે ટુંકી થાય છે. દુનિયાનું તારણ થાય છે તે પુષ્કળ રેલ છેલ પ્રેમથી થાય છે. બીજી પ્રિતિથી થતું નથી. અરહત (માહાત્મા) દયાનો માહાસાગર છે તે કંઇ એક નાનો સરખો બરફનો તરતો ડુંગરો નથી.

અરહતપણું મેળવવાને અર્થે સમભાવને આટલો બધો શામાટે ખિલવવો જોઇએ તેનુ કારણ શેહેલથી સમજાય છે, કારણ કે અરહત પોતાની સિદ્ધિઓ સામાન્યરીતે સર્વના ભલાં અર્થે વાપરે છે, પણ એક ચોક્કસ પ્રજાની અથવા એક કુટુંબની ઉન્નતિને માટેજ નહીં. એ આખી મનુષ્ય જાતનો સેવક છે અને એણે પોતાની મદદ પોતાનાં સગાં વહાલાં કે કુટુંબના લાભ માટે વાપરવાની નથી પણ જરૂર પડે ત્યાં સર્વ સ્થળે વાપરવાની છે. અધિક મનુષ્ય સિદ્ધિઓની સાથે એણે અધિક મનુષ્ય નિષ્પક્ષપાતપણાનો સંયોગ કરવોજ જોઇએ. અને ઇનસાફના કાંટામાં પોતાના સ્વાર્થના પ્રેમને કદી પણ એક તરફ મુઠી નમવા દેવો નહીં જોઇએ. બીજાં માણસોનાં કરતાં પોતાની ફરજ બજાવવામાં પોતે એક ગુલામની માફક વર્ત્તવું જોઇએ, કારણ કે જો તેમ ન કરે તો જેટલા ઊંચા દરજાના જ્ઞાનને તે પામેલો છે તેના પ્રમાણમાં તેની જવાબદારી ઘણીજ ઊંચી હોવાને લીધે તેનાં માઠાં ફળ નીપજે છે.

ભલાં કામો કરવામાં તેણે એક સિદ્ધિરૂપ થવું જોઇએ અને પોતાના જાતી અને જ્ઞાતીભાવને એક કોરે મુકી જ્યાં અત્યત જરૂર હોય ત્યાંજ તેણે પોતાની ભલી શક્તિઓ કામે લગાડવી જોઇએ, માટેજ કરી સચ્છિશ્ય બનવાની અગાઉ તેને અજમાએશ ઊપર લાંબા વખત સુધી રહીને સાધવિ અથવા સાધુપણાની જીંદગી ગુજારવી પડે છે, અને સંસારના ત્યાગી થવું પડે છે.

બીજી ચેતવણી એ છે જે તેણે પોતાનું કામ કરતાં અટકવું ન જોઇએ કારણ કે સચ્છિશ્યને કર્મના ફળની ઇચ્છા રાખવાની નથી. દયાભરેલાં કર્મનો જો અટકાવ થાય છે તો તેમાંથી એક મહા પાપી કર્મ નીપજે છે. "ગુપ્તનાદ" નામના પુસ્તકમાં શિષ્યને સવાલ કરવામાં આવ્યો છે કે "શું તું કર્મથી વેગળો રહેશે ? જો વેગળો રહેશે તો તારા આત્માની મુક્તિ થશે નહીં." નિર્વાણ ગતિ પ્રાપ્ત થવાને માટે આત્મજ્ઞાનની જરૂર છે. અને આત્મજ્ઞાન તો પ્રેમવાળાં કાર્યોનું એક સંતાન છે એટલે કે પર્માર્થિ કાર્યો કર્યા વગર આત્મજ્ઞાની થવાતું નથી. પણ જ્યારે પર્માર્થ મનુષ્યજાતને માટે કરવાનો છે ત્યારે તે કર્મના ફળની આશા પરમાર્થ કરનારે રાખવીજ ન જોઇએ. બીજાને મદદ કરવાને અર્થેજ શુભ કર્મો કરવાં જોઇયે પણ પોતીના અથવા બીજાના તેમ કરવાથી વખાણ થાય તેને અર્થે અથવા પોતાના જ્ઞાનમાં સુધારો થવાની ઇચ્છાને અર્થે તે કરવાનાંજ નથી. અહીંયા વળી એટલું તો કહેવુંજ જોઇએ કે

પૂર્વ તરફના લોકોને કર્મ અને કર્મના ફળની વચ્ચે શું તફા-વત છે તેનો અનુભવ બરાબર રીતે ન થવાથી પોતાના ધર્મ ને આગળ ફેલાવો કરવામાં મંદ પડી ગયા અને એ બાબતમાં એકલસુરા થવાનો તેઓનો સ્વભાવ પડી ગયો અને આ એક-લસુરા અને બે પરજાઇએ તેઓમાં પ્રવેશ કર્યો તેથી તેઓના ધર્મની ઊન્નતીનો નાશ થયો.

જે પ્રમાણે આ સ્થૂળ વેદ હૈયાતીની વાંસના સામાન્યરીતે સર્વના પુનર્જન્મનું કારણ છે તેજ પ્રમાણે જુદા જુદા માણસના પુનર્જન્મનું કારણ તેને આ પૃથ્વિ ઊપર જે વાતનો મોહ હોય છે તેની વાંસના છે. જ્યારે એક માણસ આ દુનિયામાં ઘણી લાંબી જીંદ-ગી ભોગવે છે અને ઘણાએક પ્રકારના અનુભવ લઇ ચુકે છે ત્યારે તેની જીવવાની તૃષ્ણા થોડા વખતને માટે તૃપ્ત થાય છે, અને આરામ લેવા તરફ તેની ઇચ્છા દોડે છે. આમ થવાથી તેને પોતાનું શરીર છોડવાનો વખત આવે છે તે દરમ્યાનમાં તેનો જીવ જાણે પોતે પોતામાંજ સમાઇ ગયો હોય તેમ થ-ઇને આ જડ ભુવન ઊપર કામ કરતો બંધ પડે છે અને પો-તાની સઘળી શકિત મનુયોગ તરફ કામે લગાડે છે અને પોતે જે જીંદગી હમણાંજ પુરી કરી ચુક્યો તેમાં થયલાં દુષિત ત-થા સદ્ગુણી કર્મોના ફળનો તેને શું અનુભવ થયો તેની તપા-સ કરી જાય છે અને તેમાંથી ટાળી કહાડી જે જે સારા હોય છે તેની વાંસના લઇ બાકીના શક્તિહીન તથા વગર ઊપયોગી હોય છે તેનો અંગિકાર કરે છે. આ કામ તે સ્વર્ગમાં

કરે છે. સમતોલ અને સંમલેન કરવાને જે જરૂરીઆતનો વખત જોઇએ છે તે તેને સ્વર્ગમાંજ મળે છે. જેમ એક કારીગર પોતાના કામને માટે જુદી જુદી વસ્તુઓ ભેગી કરવા બહાર જાય છે અને તે સઘળી ભેગી કરીને પાછો ઘેર આવે છે અને દરેક વસ્તુની જાત પ્રમાણે તેને જુદી કરી ગોઠવે છે અને પછી તેમાંથી કામવાળા પદાર્થો અથવા કંઇ હુન્નરની ચીજો બનાવે છે તેજ પ્રમાણે મનસપુત્ર પોતાની ગઇ જીંદગીના અનુભવો પોતે હજારો વર્ષથી એકઠી કરેલી જીંદગીઓના અનુભવોમાં ઉમેરો કરે છે. જેમ એક કારીગર આખો વખત એક ચીજ બનાવવાને માટે વસ્તુઓ એકઠી કર્યા કરે અને તેનો કંઇ માલ ન બનાવે એ બનવું જેમ અશક્ય છે અથવા એક માણસ આખો દહાડો ખાખા કર્યા કરે અને ખોરાકને પાચન કરી તેમાંથી શરીર તંતુઓનું બંધારણ થવાનો વખત ન આવે એ બનવું જેમ અશક્ય છે તેજ પ્રમાણે મનસપુત્ર આખો વખત આ પૃથ્વિ ઉપર અવતાર લેયા કરે અને પોતાને કશો આરામ ન આપે એ બનવું પણ અસંભવિત છે. આ હકીકત અને બીજું એ કે પ્રાણિ માત્રને કામ કર્યા પછી આરામ જોઈએ છે એ દેખાડી આપે છે કે સ્વર્ગ હોવાની જરૂર છેજ અને જે બ્રહ્મ વિદ્યાના અયોગ્ય શિક્ષણ પામેલા પોતાનો આટલો બધો વખત સ્વર્ગમાં નકામો જાય છે એમ અધીરા થઈ ક્રોધાયમાન થાય છે તેમને આ બીનાઓ ઉપકારૂપ થઈ પડે છે. એટલું તો યાદ રાખવું જોઇએ કે આરામ લીધા વગર તો આપણને ચાલેજ નહીં. જે

મનને શાસ્ત્રમાં મનુ તરીકે ઓળખેલું છે તેની ઉપર આખી જીંદગીનો શ્રમ પડયાથી તેને આરામ લેવાની જરૂરજ છે અને આરામ લીધા પછીજ તે પાછું પુનર્જન્મ લેવાને માટે તૈયાર થાય છે. આપણી પુરી થયલી જીંદગીમાં જે જે માનસીક અને અધ્યાત્મિક શક્તિયો ઉપન્ન થએલી હતી તેનો ઉમેરો સ્વર્ગના દરમ્યાનમાં સુત્રાત્મના એકઠા થયેલાં ભંડારમાં એકવાર પાછો થાય છે અને આ સ્વર્ગ જે કે એક આરામની મુદત છે તે ભોગવ્યા શીવાય આ માંસરૂપી શરીર પાછું ધારણ કરવાને આપણામાં શક્તિ રહેતી નથી. પુનર્જન્મ લેનારૂ તત્વ હજારો અવતાર ભોગવી જ્યારે પૂરે પૂરો અનુભવ લઇ ચુકે છે અને જ્યારે તેનો પુનર્જન્મના ફેરામાથી મુક્ત થવાનો વખત પાસે આવે છે ત્યારે તેને માટે જે સાત અવતાર લેવાના બાકી રહેલા હોય છે તે એક પછી એક જન્માંન્તર ભોગવ્યા શિવાય પણ લઇ શકે છે* કારણ તે અનુભવ લઇ દૃઢ થયલો હોય છે અને તેને વધારે અવકાશ લેવાની જરૂર રહેલી હોતી નથી. તેથી તેને એ ક્રમ ધારણ કરવો પડતો નથી.

દરેક અવતારના અનુભવોનો ભંડાર સુત્રાત્મામાં સ્વર્ગના દરમ્યાનમાં થાચ છે તે શિવાયના એક બીજા ઉદ્યોગનો વધારો સ્વર્ગમાં થાય છે. તે એ છે કે ગાયન, ચિત્રકળા, કવિતા વિગેરે જુદી જુદી કળાઓની પરિપક્વતા ત્યાં થાય છે.

---

* જ્યારે પુનર્જન્મમાંથી મૂક્ત થવાનો વખત આવે છે ત્યારે સ્વર્ગ ભોગવ્યા વગરના સાત ટુંકા અવતારમાં તેને આવી જવું પડે છે એ સૃષ્ટિક્રમનો નિયમ છે. (જુઓ ગુપ્તનાદ)

કેટલીએક વખત નાના બચ્ચાંઓમાં તેની વિલક્ષણ બુદ્ધિના ચમત્કારિક દાખલાઓ જોવામાં આવે છે જેમકે એક બાળક ગાયનકળામાં પુષ્કળ પ્રવીણતા દેખાડે છે જે પ્રવિણતા કે કોઇ વખત આ આર્ય વંશમાં પાકી ઉમરના મનુષ્યમાં પણ નહીં જોવામાં આવેલી હોય તેવી પ્રવીણતા તેમાં હોય છે તે કંઇ-જ નહીં પણ સ્વર્ગમાં આ કળાની પરિપકવતા થયાનો એક ખુલાસો કરી આપે છે. આ ગમે તેમ હોય પણ એટલું તો યાદ રાખવું સારૂં છે કે કોઇપણ પૃથક વિચાર કે કળા જેવી કે ગાયન અને માનસિક તૃષ્ણાઓમાંજ હમેશ ધ્યાન રાખ્યાથી તેની સ્થિતિ સ્વર્ગમાં ક્રિયાકારક અને ક્રિયા ક્ષમ અભ્યાસવાળી થાય છે. સ્વર્ગ મૂખ્યત્વ કરીને કાર્યોની સૃષ્ટિ છે છતાં પણ આ કર્મની સૃષ્ટિમાંથી એને આટલો ભાગ લેવો પડે છે, અને એ-ટલું તો ખરૂંજ છે કે આ શાંત માર્ગ (સ્વર્ગ)માં પણ આવો અભ્યાસ જારી રાખવાની ટેસ આ કર્મ ભૂમીમાંથીજ થવી જો-ઇએ. સ્વર્ગમાં કોઇપણ રીતે નવાં કર્મો બંધાતાં નથી, પુરૂષાર્થ ઉત્પન્ન થતું નથી; છતાં જે પૃથક અને ઉંચી પ્રકૃતિની ધારણાઓ આ જડ ભૂમિમાં બંધાયલી હોય છે તેની પરિપકવતા ત્યાં થાય છે, આ ક્રિયા બનવા જોગ કેમ છે તે સેહેજ માલમ પડી આવે છે કારણ કે દરેક પૃથક અને ઉંચા પ્રકારની ધાર-ણાઓને માનસિક પ્રકાશ મળે છે અને જ્યારે માનસતૈજસી બંધનમૂક્ત થઇને પોતાના સ્વધામ ઉપર જાય છે ત્યારે આ પ્રકાશ મંદ થઈ જતો નથી પણ વધારે તેજસ્વિ થાય છે.

આ ઠેકાણે એક અગત્યનો સવાલ એ ઉઠે છે કે જ્યારે આ સ્વર્ગવાશી આરામનો વખત પુરો થઇ રહે છે અને જીવને સ્વર્ગ ભોગવી રહીને પાછો પુનર્જન્મ લેવાનો વખત આવે છે ત્યારે અમુક વંશ, અમુક પ્રજા અને અમુક કુટુંબમાં તે જન્મે છે અને પુરૂષ અથવા સ્ત્રી દેહ ધારણ કરે છે તે કયાં કારણથી કરે છે? શું સ્નેહાકર્ષણ એનું કારણ છે? પોતાની મરજી એનુ કારણ છે? કે કોઇ રીતની નિયમિત જરૂર એનું કારણ છે? એ સઘળા સવાલો લોકોના મોહોડામાંથી સેહેજે નિકળી આવે છે. આ જે થાય છે તે કર્મના નિયમથી થાય છે અને જેવી પ્રકૃતિવાળો જીવ હોય છે તેવી પ્રકૃતિવાળુ કુળ અને પ્રજામાં તેનો જન્મ થાય છે અને એમ થયાથી પોતાના આગલા જન્મમાં જેવાં કર્મ વાવ્યાં હતાં તેવાં તેનાં ફળ ચાખવાને લાયકનો તેનો દેહ બંધાય છે.

જ્યારે જીવ પાછો પુનર્જન્મ લેવાને સ્વર્ગમાંથી નિકળે છે ત્યારે તેના પૂર્વ જન્મના કર્મો પોતાના સ્કંધ સહિત સ્વર્ગના દ્વાર આગળ ઉભાં રહે છે. આ ક્ષણે કર્મ ફળના નિયમાનુસારે કરીને આ સ્વર્ગ આરામ પામેલા જીવનું ભવિષ્ય બંધાય છે અને આ ફરી થવાના પુનર્જન્મમાં એના આગલા પુનર્જન્મના સર્વે પાપોની શિક્ષા થવાનું નિર્માણ નક્કી થાય છે. આજે થાય છે તે કઠણ હૈયાના પણ પુરતા ઇનસાફી અને ગુઢ કર્મના નિયમ વડે થાય છે. મોહોટી જ્વાળાની શીખાવાળા અને લાંબા શિંગડાં અને પુંછડાવાળા રાક્ષસો સહિત કલ્પિત નર્ક જેવી જગ્યા નથી પણ જે નર્ક છે તે આ પૃથ્વિજ છે જ્યાં આ-

ગયા જન્મમાં કરેલાં સર્વ પાપો અને ખરાબ કામો અને ધા-રણાઓની શિક્ષા જીવને થાય છે. જેવાં કર્મો એણે વાવ્યાં હ-શે તેવાં તેનાં ફળ નીપજશે.

આ પુનર્જન્મમાં બીજા સઘળા જીવો જેઓને એ જી-વથી કાંઇ પણ ધ્વંશ થયો હોય છે તે સર્વે પોતાનું વેર લેવા એની આસપાસ એકઠા થાય છે. આ નવી દેહ જે એ જીવ ધારણ કરે છે તે આપણે જેમ નવાં કપડાં બદલીએ છીએ તેની પેઠે એજ જીવના નવા પોશાક રૂપ છે. અને જેવાં કૃત્યોનું સંચિત હોય છે તેવી તેની પ્રકૃતિ, રંગ રૂપ, અને ગુણો થાય છે પણ જે અંતરમનસ જે આ પોશાક ધારણ કરે છે તે કાંઇ બદલાતો નથી; તે તો તેનો તેજ રહે છે.

એમ સમજો કે એક માણસ પોતાના એક અવતારમાં લડવૈયો હતો તો તેનો પાછો બીજો અવતાર જે પ્રજા લડાયક હશે તેમાં થશે. જેમ કે અસલ તો એક રોમન હશે તે ૧૫૦૦ વર્ષ પછી એલીઝાબેથ રાણીના રાજમાં જે લડાયક અંગ્રેજ પ્ર-જા હતી તેમાં તેનો જન્મ પાછો હોવો જોઇએ. માટે જેવી તેની અસલ પ્રકૃતિ હતી તેવી પ્રકૃતિવાળી પ્રજામાં તેનો જન્મ થાય છે અને તે પ્રકૃતિને અનુસરીનેજ તેના શરીરનું રૂપ, ગુણ વગેરે બંધાય છે. આગલા જન્મમાં જીવની જેવી રૂખ અને મનનું વલણ હતું તેવું દૃઢ કર્મ બીજા અવતારમાં નિપજે છે અને તેથી કરીને તેવાંજ વલણવાળું શરીર અને તેની પ્રકૃતિ નિપજે છે. જેમકે એક માણસ એના આગલા જન્મમાં પૈસા

અને દોલત મેળવવાને ઘણોજ આતૂર હતો તો તેથી કરી તેના આ અવતારમાં પણ તે તેવોજ હોય છે અને પૈસાનો પણ તેવોજ જથો એકઠો કરવાને ભાગ્યશાળી થાય છે. આપણે કોઇ વાર કહીએ છૈએ કે આ માણસ એવો ભાગ્યશાળી છે કે તે ધૂળ માંથી પૈસો પેદા કરે છે. આ કર્મ તેનું પૂર્વે સંચિતથી બંધાયલું હોય છે તે તેના આગલા અવતારના મનના વલણને લીધેજ છે. આ નિયમને લીધેજ આ એક ઘણો અગત્યનો સવાલ ઉઠે છે કે આપણે કઇ વાત ઉપર કઇ ધારણા ઉપર હંમેશ આપણા મનનું વલણ રાખવું જોઇએ કે જેથી કરી આપણા હવે પછીના અવતારમાં આપણું કર્મ તેવુંજ બંધાય. જો આપણા મનનું વલણ આ અવતારમાં .એકલપેટાપણાપર, નીચ અને જડસુ કામ ઊપર રાખ્યા કરીએ તો આપણો હવે પછીનો અવતાર પણ આવાજ ગુણવાળો થશે, કારણ સ્વર્ગમાં ગયા પછી પણ જેવી રીતનું મનનું વલણ હોય છે તેવી રીતનું વલણ મંદ પડી જતું નથી પણ વધારે તીવ્ર બને છે કેમકે ત્યાં તે સૂક્ષ્મ ભુવન ઊપર પોતાનું સઘળું બળ એકઠું કરી પરિપક્વ થાય છે અને જ્યારે પુનર્જન્મ લેવાનો વખત પાછો આવે છે ત્યારે તેવી પ્રકૃતિવાળાં શરીરમાં પોતાનું કામ કરવાને અવતરે છે. જેવાં બીજ માણસો વાવે છે તેવાં ફળ તેને મળે છે તે તેનું ભવિષ્ય પોતાને હાથેજ તૈયાર કરે છે અને આ કાયિક અને ક્ષણભંગુર સુખને માટેજ પોતે કામ કર્યા કરે છે તો તેમાંથી તેને કોઇ અટકાવી શકતું નથી. તેના અનુભવથીજ

તેને આગળ ચાલતાં માલમ પડશે કે આ દુનિયાની મોજ, મઝા, અને સુખમાં કંઇ ફળ છેજ નહિં. એ સુખ તો ફક્ત આ શરીરનેજ મળે છે પણ જે અનાદિ અંતરમાનસ છે તેને તો એ સુખ કંઈ કામનું છેજ નહિં. અને તે તો હંમેશ નાગો અને નાગોજ રહે છે અને જેવી રીતે ભુંડ છાલાં ખાઇને સુખ માને છે તેવીજ રીતના છાલાં આ શારીરિક સુખ તેને મનથી છે, અને આખરે જ્યારે તેની પશુવત પ્રકૃતિ ધરાઇને તાજી બને છે અને અંતરમનસ ભુખે મરે છે ત્યારે તેની આંખ ઉઘડે છે, અને પોતાનું જે ખરૂં કર્તવ્ય છે તેની શોધ કરી તેની પાછળ મંડે છે અને જે બળ પોતે માયા વધારવામાં વાપરતો હતો તેજ લક્ષ પરમાર્થ પ્રેમ વધારવામાં કામે લગાડે છે.

માણસની પુરૂષ કે સ્ત્રી જાતિ શા આધારે બંધાય છે એ સવાલનો જવાબ આપવો મૂશ્કેલ થઇ પડે છે કારણ કે એ વિષે ચોક્કસ ખબર આપવામાં આવી નથી. જીવ તો જાતિ રહિત છે અને દરેક જીવ પોતાના હજારો પુનર્જન્મમાં સ્ત્રી અને પુરૂષ એ બંને જાતિમાં આવજાવ કર્યા કરે છે. મનુષ્ય જાતને સંપૂર્ણતામાં લાવવી એ પુનર્જન્મનો હેતુ છે અને આ સંપૂર્ણતા ભાવસૂચક અને અભાવસૂચક, ખરાં અને ખોટાં તત્વોની સમતોલતા થ-યા શિવાય થતી નથી તેથી સ્વભાવિક રીતે માલમ પડી આવે છે કે આ બંને પ્રકૃતિઓનો અનુભવ આત્માએ લેવો જોઇએ તેથી કરી તે કોઈ જન્મે સ્ત્રી જાતિમાં અને કોઇ જન્મે પુરૂષ જાતિમાં અવતરે છે. આપણે લક્ષ આપીને જોઇશું તો માલમ પડશે કે

મનુષ્ય જાતને માટે હાલનો વખત એવો ચાલે છે કે બંને જાતિ જે ઉત્તરોત્તર વૃદ્ધિક્રમને માટે જુદી પડી છે તેમાં જે સારાં તત્વો રહેલાં છે તે તત્વોનો સંયુક્ત થવામાં વધારો થવા માંડયો છે અને જે સારા ગુણો જેવાં કે શરીર બળ, દઢતા અને હિંમત જે પુરૂષ જાતિમાં રહેલાં છે તેની સાથે સ્ત્રી જાતિમાં રહેલા સારા ગુણો જેવા કે નમ્રતા, પવિત્રતા, સહનશક્તિ એકમેકમાં મળેલા માલમ પડે છે, એટલે એ બંને જાતિના જુદા જુદા ગુણો એકજ જાતિમાં એકઠા થયલા માલમ પડે છે, અને આખરે મનુષ્ય જાત સંપૂર્ણ થઇ તેમાંથી દ્વૈતભાવ નિકળી જશે ત્યારે તેનું કેવું પરિણામ નિ-પજશે તેનો સેહેજ આભાશ આપણને આ ઉપરથી માલમ પડે છે. હાલ તો એટલુંજ સંભવે છે કે જે તત્વ એક જાતિમાં ઓછું હોય છે તેની ખોટ બીજી જાતિમાં અવતર્યાથી પુરાય છે અને વ-ળી કર્મ સંજોગે એવું થાય છે કે વિજાતિવાળા મનુષ્યને કોઇ વખત દુઃખ દેવામાં આવે છે તો તેના જવાબ ભરી આપવા-ને અને પાપની શિક્ષા ભોગવવાને તે માણસને તેજ વિજાતિમાં અવતરવું પડે છે.

કર્મ જીવને માટે નવો અવતાર લેવાનો રસ્તો બાંધી આપે છે, અને એ કર્મ છે તે જીવે પૂર્વજન્મમાં ઉપન્ન કરેલાં કારણોનું કાર્ય છે. કર્મની શું શું શક્તિઓ છે એનો અભ્યાસ કરવામાં એક બાબત ધ્યાનમાં રાખવા જોગ છે તે એ છે કે જીવને કર્મને લીધે તેની પસંદગી વગરની દેહ ધારણ કરવી પડે છે. એને પસંદ આવે એવી દેહ મળતી નથી. જે કર્મનો અનુભવ થયો છે તેને

વારે ઘડીએ યાદ કરી દલગીર થયા કરવું એ સારૂં નથી; દેહનાં ઓછાં જ્ઞાન સાથે ઘડી ઘડીએ આ પૃથ્વિ ઉપરના બનાવોની યાદ આવ્યા કરે તો તે નાહકનું દુઃખદાયક કંટાળાભરેલું અને ગેરવાજબી થઇ પડે છે. જીવ શારીરિક વિસ્મૃતિમાં પડે છે તેની અગાઊ તેને દેહ લેવાનું શું કર્તવ્ય છે તેની ખબર તેને પડે છે અને તેથી કરી તેને જે સુખ, તથા દુખ આ પૃથ્વિ ઊપર મળવા નાં છે તેની કશી ફિકર રાખતો નથી. કારણ કે દરેક અવતારમાં તે જીવને દૈવિક ગતિ તરફ એકેકું પગથિયું ચઢવાની તક મળે છે. અને પોતાના મૂળ ધામથી દૂર છે તેની પાસે આવતો જાય છે. દરેક પગથિએ તેના દૈવીક બળ અને સંપૂર્ણતામાં વધારો થતો જાય છે, તેની ગતિ સબળ થતી જઇને જુદાં જુદાં ભુવનો ની ખૂબીનો સ્વાદ ચાખતો જાય છે. તેની કિર્તિ જ્ઞાન અને શક્તિની ઉન્નતિ થતી જાય છે અને એવી રીતનું આખરનું એ જીવનનું ભવિષ્ય છે.

અને જ્યારે જીવનું આવુંજ ભવિષ્ય છે તો તેને કિંચીત વખતને માટે અથવા તો આખી જીંદગી સુધી દુખ વેઠવું પડે છે તો તેની શું તે દરકાર કરે છે ?

પુનર્જન્મની સાબીતીઓ

પુનર્જન્મ છે એના પ્રત્યક્ષ પુરાવાઓ પરીપૂર્ણ અને સામાન્ય રીતે દેખાઇતા મળી આવતા નથી. પણ આસપાસની બીનાઓ ઉપરથી એ પુરાવાઓનું મજબુતરીતે અનુમાન થઈ શકે છે. પ્રજાઓની ચઢતી અને પડતી, માણસની દશી વીશી,

તેની ચઢતી ઉતરતી પ્રમાણતા, ફરી ફરીને આવતા ઐતિહાસીક કાળચક્રો, મનુષ્ય જાતની વિલક્ષણ પ્રકૃતિઓ, સર્વના ખુલાસા પુનર્જન્મ શાસ્ત્રને જે સાબીતીઓ ટેકો આપે છે તેનાથીજ થઈ શકે છે. મિસીસ બિસાંટ કહે છે કે જો કે માહારી તો ખાતરી થઇ ચુકી છે કે પુનર્જન્મ છે તોપણ આ જગ્યાએ એ વિષયનું સિદ્ધાંતરૂપ સિદ્ધતાથી નહિં, પણ સાધારણ બુદ્ધિથી સમજી શકાય એવી રીતે વિવેચન કરૂં છું; કારણ કે જે. લોકો મનુષ્ય સ્થિતિ અને ઈતિહાસમાં એ વિષયની સાબીતીઓ શોધે છે તેનેજ માટે આ હું લખું છું, અને તેવા લોકોને માટે તો ઊંચી પદ્ધતિનું લખાણ ન કરતાં સાધારણ બુદ્ધિથીજ માત્ર સમજી શકાય એવા લખાણની જરૂર જોઊં છું જે લોકો પુનર્જન્મનો વિષય ખરો છે એમ માને છે તે લોકોને દલીલ આપવાની જરૂર નથી.

(૧) લી. એવાં કેટલાંએક માણસો હાલ આ પૃથ્વિ ઊપર છે, અને કેટલાંએકો થઇ ગયાં તેઓને પોતાના ગયા જન્મની યાદદાસ્ત રહેલી છે. અને જેમ આ જન્મની વાત, તેઓને સેહેજે યાદ આવે છે; તેમજ ગયા જન્મોની વાત તેઓને યાદ રહેલી છે. સ્મૃતિ એ એક ચૈતન્યવાળાં અસ્તિત્વે જે જુદી જુદી વખતે અનુભવો મેળવેલા હોય છે, તેનું સાંધન છે. અને કાર્ય તથા કારણ શરીરમાં જે અહંભાવ રહેલો છે, તેનું ભાન આ સ્મૃતિથી રહે છે. એ સ્મૃતિથી તેઓને પોતાના-પુર્વજન્મોનું ભાન રહે છે, અને જેમ સાધારણ મનુષ્યથી રાત્રે નિંદ્રા-

વશ થયા પછી આગલા દાહાડાની બીના ભુલી જવાતી નથી, તેમજ આ જ્ઞાની લોકોની મૃત્યુની રાત્ર વીત્યા પછી તેઓમા આગલા જન્મોની બીના તેઓથી ભુલાતી નથી. જેમ સાધારણ રીતે થોડાં વર્ષની બીના યાદ આવે છે તેમ તેઓને તેઓના પૂર્વના જન્મોની બીના યાદ આવે છે અને એ બીનાઓ માત્ર થોડાં વર્ષની વાત ઉપર બની હોય એમ તેઓને સંભવે છે. અને આવા અનુભવવાળાઓને એમ કહેવું કે, તેઓને તેઓના પૂર્વજન્મની વાત યાદ નથી, એ તેઓની નજરમાં ઘણું મૂર્ખાઇ ભરેલું લાગે છે, અને જેને દશ વર્ષની વાત ઉપર કંઈ બીના બની હોય તેને મારી મચડીને એમ કહેવું કે એ બીના તને નહીં બની હતી પણ બીજાને બની હતી તેના જેવું છે. આવી રીતે દલીલ થતી તેઓ જોય છે ત્યારે એ વિષય ઉપર તેઓ વાદવિવાદ ન કરતાં અખાડા કરે છે કારણ કે જ્યારે તમે તેનું ન માનો તો તેઓને પોતાને જે અનુભવ થએલો હોય છે તે તમને તમારા મગજમાં ઉતરે એવી રીતે કેમ સમજાવી શકે ? વળી જે બાબતનો એક માણસને અનુભવ થએલો હોય છે તેજ બાબતનો અનુભવ તે બીજાને માત્ર કહી બતાવે તેથી તેની સત્યતા સાબીત થતી નથી માટે જે અનુભવ થએલો હોય છે તેનો પુરાવો અનુભવ કરનારને માટેજ ખરો છે પણ બીજાને માટે નહિં. જે માણસને પોતાના આગલા જન્મોનો અનુભવ થયલાની યાદદારત રહેલી હોય છે તેનેજ પુનર્જન્મના વિષયની સત્યતા લાગે છે, અને સાંભળનાર-

ના મનની ખાત્રીનો આધાર તો પુનર્જન્મની સત્યતા વિષે બોલનારની અક્કલ અને નિતિ ઊપર તે કેટલો ભરોસો રાખે છે તેના ઉપર રહે છે. જો તે બોલનાર માત્ર સાધારણ અક્કલ અને નિતિવાળો નહિં પણ મહા બુદ્ધિવાન, સંપૂર્ણ રીતે પવિત્ર અને સાચવટમાં પૂર હોય છે અને તે જ્યારે પોતાની ખાત્રીથી કહે છે કે, મને માહારા આગલા જન્મોના બનાવોની સ્મૃતિ રહેલી છે તો તેનું આવી રીતનું કહેવું તેના શ્રોતાઓના મન ઊપર ઘણી સારી રીતે ભરોસો બેસાડે છે; આવી રીતનો પુરાવો કાને સાંભળેલો કહેવાય છે ખરો પણ એ એક જાતનો ઉત્તમ પુરાવો છે.

(૨) ૭. વનસ્પતિ, પ્રાણિ, મનુષ્ય એ સઘળામાં પોતાના માબાપની તાસીર ઊતરવાનો નિયમ ચાલતો જોવામાં આવે છે. એક શાગનું વૃક્ષ, કુતરૂં, માણુસ પોતપોતાની જુદી જુદી ખાશીએતોથી આખી પૃથ્વિ ઊપર ઓળખી શકાય છે. એ સઘળાંઓ પોતપોતાની અમુક તાસીરોથી અવતરે છે અને મોહટાં થાય છે; બે સૂક્ષ્મ બીજનો સંયોગ થયાથી નર કે માદા પેદા થાય છે અને માબાપના જાતિ ગુણ પ્રમાણે ઊછરે છે. માબાપના ગુણની છાપ તેઓનાં બચ્ચાં ઉપર પડે છે અને ગમે તેવી રીતે એકજ પ્રકારના કુટુંબોમાં ભિન્નતા દેખાતી હોય છતાં તેઓના વિશેષ ગુણથી તેઓ એકજ કુટુંબના છે એમ સેહેજે માલમ પડી આવે છે. શબ્દ "કુતરો" એક સામાન્ય નામ રૂપે છે અને એ નામમાં જાત જાતના કુતરાઓનો સમાસ

થયલો છે જેવા કે શીકારી કુતરા, ભરવાડી કુતરા, રમતીઆળ કુતરા; એજ પ્રમાણે "માણુસ"ના નામથી જાતજાતના લોકો ઓળખાય છે જેવા કે વેદા અંગ્રેજ, હબસી, અને રજપુતો. પણ જ્યારે આપણે આ કુતરાઓની કે માણુસની અક્કલ તપાશી જોઇએ છૈએ ત્યારે તેમાં જે મહાભારત તફાવત માલમ પડે છે તે આપણુને આશ્ચર્ય પમાડે છે. કુતરાંઓની અક્કલમાં કાંઇ જાહજે તફાવત જોવામાં આવતો નથી; એક કુતરો બીજા કરતાં વધતો ઓછો તોફાની કે સમજુ અથવા ભરોસાદાર હોય છે ખરો પણ એવા સમજુ કુતરાની અને જંગલી કુતરાની અકકલમાં સેહેજ તફાવત રહે છે. પણ માણુસ જાતમાં તો એક ઓછી બુદ્ધિ અને વધારે બુદ્ધિ યા નિતીવાળાં માણુસ વચ્ચે અકકલનો બહુ મોહટો તફાવત પડી જાય છે; એક મનુષ્ય કુળ જ્યારે માત્ર એક, બે, ત્રણજ ગણી શકે છે ત્યારે બીજું કુળ લાખો અને કરોડોનો હીસાબ કરી જાણે છે; એક મનુષ્યજાત પોતાના માબાપને મારી નાંખવામાં અથવા એકમેક સાથે દગાબાજી કરવામાં પુણ્ય સમજે છે તો બીજી જાત આખી મનુષ્ય જાતની ઉન્નતી થાય તેવાં કર્મો કરવામાં પવીત્રતાઇ સમજે છે. ફક્ત મનુષ્યજાતમાં પૃથ્વિ ઉપર જ્યાં જોઇએ ત્યાં શરીરાકૃતિ એકજ જાતની દેખાશે પણ બુદ્ધિમાં અને નિતીમાં આસમાન જમીન જેટલો તફાવત માલમ પડશે. માબાપથી ઉતરતી આવતી તાસીર એકજ જાતની શરીરાકૃતિનું બંધાવાનું કારણ છે એમ હું માનું છું પણ માણુસની બુદ્ધિમાં મો-

હોટો તફાવત પડી જાય છે તેનું કારણ બીજું છે એમ સમજું છું. એ બીજું જે કારણ તે પુનર્જન્મ છે, કારણ પુનર્જન્મથી કરીને કારણ શરીર હજારો અવતાર લે છે તેથી તેની સંપૂર્ણતા વધતી જાય છે અને બુદ્ધિ દરેક અવતારે ખીલતી જાય છે. અને એજ કારણથી આપણને ખુલાસો મળે છે કે જાનવરોમાં પુનર્જન્મ નથી તેથી તેની બુદ્ધિ અને નીતિનો વધારો થતો નથી અને તેઓને ફક્ત માણસો કેળવે છે તેના પ્રમાણમાંજ તેઓ હોશીઆર થાય છે; એટલુંજ ઇતિહાસ ઉપરથી દેખાશે કે જંગલી અને ફાડીખાનારાં પશુઓ, પાડાઓ, જંગલી વાંદરાંઓ અને કીડીઓ અસલ હતાં તેવાં હાલ પણ છે, તેઓ હમેશ જીવે છે અને મરે છે અને પોતાના માબાપનીજ ખાશીએતો ધરાવે છે અને જ્યાં તેઓના માબાપ ફરતાં હરતાં હતાં ત્યાંજ તેઓ આવજાવ કર્યા કરે છે અને તેઓમાં ઊંચી પ્રકૃતિની જીંદગી જોવામાં આવતી નથી. માણસની માફક તેઓની શરીરાકૃતિ એકજ તરેહની ઉતરી આવે છે અને તે આકૃતિ શું કામ કરે છે તે તેઓની પ્રેરણા બુદ્ધિથી દેખાઈ આવે છે. પણ મનુષ્યનું કારણ શરીર જેમ અનુભવ મેળવી મેળવીને જ્ઞાન, સુધારો, અને અક્કલ હુશીઆરીમાં હદ વીનાનું પરીપૂર્ણ થાય છે તેમ પશુઓ પ્રેરણા બુદ્ધિ (અંગજ્ઞાન)થી અનુભવી થતાં નથી. આ કારણ શરીર પશુઓમાં નથી હોતું તેથી તેનું જ્ઞાન જેટલું હેય છે તેટલુંજ રહે છે અને એ મનુષ્યમાં હોય છે માટે

તેના જ્ઞાનની ઉન્નતિ વધારે અને વધારે થતી જાય છે એ સ્પષ્ટ રીતે દેખાઇતું છે. આ કારણ શરીર પશુમાં નહીં હોવાને લીધે જ્ઞાનનો જથ્થો થતો નથી અને જે સેહેજ જ્ઞાન એને મળે છે તેને અનુસરતી બીજી વખતની શરીરાકૃતિ બધાય છે તેના શિવાય એ જ્ઞાન તેને કામ લાગતું નથી, અને તેથી કરી જે જ્ઞાન શરીરાકૃતિમાં વપરાય છે તે તે વખતના શરીરનેજ કામ લાગે છે; પણ માણસમાં કારણ શરીર હોવાને લીધે તેને જે જે અનુભવો થાય છે તેની વાંસના તેમાં એકઠી થતી ચાલી જાય છે અને દરેક નવા અવતારમાં તેઓ તેને ઉપયોગી થઇ પડીને આ જ્ઞાનરૂપી જથ્થો વધતો જવાનો સંભવ રહે છે. કારણ ચૈતન્યવગર જ્ઞાનને અનુભવ શામાં પ્રવેશ કરે ? શરીરની ટેવો જે શારીરિક પ્રકૃતિમાં ફેરફાર કરે છે તે શારીરિક ચિન્હોથીજ દર્શાવી શકાય છે જેવી કે ઘોડાને રવાલ ચલાવવાની ટેવ, કુતરાંને આંગળી દેખાડયાથી સમજવાની ટેવ પાડવી એ જાણીતી બીનાઓ છે. વળી આપણુ એક જાણીતી વાત છે કે જાનવરની બુદ્ધિ અને વર્તણુંક એકજ સ્થિતિ ઉપર રહે છે અને માણસની વધારે અને વધારે ખીલતી જાય છે. વળી બીજી જાણીતી વાત એ છે કે બહુજ હલકી પદ્ધતિના માણસના મગજ ઉપર એકાએક નિતીના વિચારો સમજાવામાં આવે તો તેની અસર થશે નહીં. પણ જો એજ વિચારો કોઇ વધારે જ્ઞાન પામેલા આદમીને કહી સમજાવવામાં આવે છે તો તેના મગજમાં તે તત્કાળ ઉતરી જાય છે. જ્ઞાન અને નિતીની વાતની

સમજણ પડવાનું કામ ભેજાંની એકલાંનીજ મદદથી થતું નથી પણ તે શીવાય એક બીજાં તત્વની સાહેતાની જરૂર છે; આ તત્વ શિખવ્યાથી આવતું નથી; શિખવાથી મગજ તીવ્ર થાય છે ખરૂં પણ એ સમજણ પડવાને માટે કારણ શરીરથી ઉત્તેજન મળવું જોઇએ અને આ ઊ-તેજક તત્વ શિવાય નિતી શું છે તે સમજાતી નથી. વળી આ પણ એક સત્ય બીના છે કે જો એક બાળકને કોઇપણ માણસની સોબત કરાવ્યા વગર એક કોટડીમાં પુરી મુકી લાંબા વખત પછી બહાર કહાડવામાં આવે છે તો તેનો સ્વભાવ પશુના જેવોજ રહે છે, કારણ કે શારીરિક મગજની પ્રબળતા થવા માટે તેની ઊપર શારીરિક અસર કરવાની જરૂર છે પણ જો આ ઇન્દ્રીયને ગેરરીતે બગાડી નાખવામાં આવે તો જેમ નાંખી મુકેલા વાજીંત્ર ઉપર કાટ ચડી તેમાંથી સૂર નિકળતો નથી તેમજ તેની ઊપર કારણ શરીરથી જે ઊ-તેજન આપવામાં આવે છે તેની અસર થતી નથી.

(૩) જી. એક કુટુંબમાં અમુક બાપદદાથી ઊતરતા આવતા વિષેશ ગુણો હોય છે જેથી કરીને તે કુટુંબના સઘળાં માણસો એકજ કુટુંબના છે એમ ઓળખાઇ આવે છે. આ શારીરિક વિષેશ ગુણો દેખાઇતા હોય છે અને તેથી કરીને વારસાથી ઊતરી આવતા ગુણોના નિયમની એ સાબેતી છે એમ ધારવામાં આવે છે. પણ એકજ કુટુંબમાં અને એકજ માબાપના છોકરાંઓની અકકલમાં જે આસમાન જમીન જેટલો તફાવત પડી જાય છે તેનો ખુલાસો કઇ જાતના નિયમથી થાય છે ?

એક સુખશાંતિવાળા અને વતન સ્નેહી કુટુંબ જે એકજ જગ્યા ઉપર જન્મારા અને જન્મારાઓ સુધી રહે છે તેવાં કુટુંબમાં એક તોફાની ભટકતો અને કશી તરેહની કેલવણી અથવા લાલચથી કાબુમાં નહીં રહી શકે એવો છોકરો પેદા થાય છે. હવેજો માણસની નિતી અને માનસિક ગુણો તેના બાપદાદેથીજ ઉતરે છે એમ જો માનીએ તો આવી રીતના સારા કુટુંબમાં દુર્ગુણી છોકરો શા માટે અવતરે છે ? અથવા એક ઘણાજ પવિત્ર અને ઊંચ કુટુંબમાં નિચુ અને હીણું લગાડે એવું નિચ બાળક શામાટે પેદા થાય છે ? અથવા એક ઘણાજ હલકાં અને નિચ વર્ગના કુટુંબમાં મહા પવિત્ર અને ઊંચ સ્વભાવનું ફરજન કેમ અવતરે છે ? આ સઘળાનો ખુલાસો પુનર્જન્મથીજ મળે છે અને એમજ શાબીત થાય છે કે માનસિક અને સદસતગુણોનું રહેઠાણ આ સ્થુળ શરીરમાં નહીં પણ અવિનાશી કારણ શરીરમાં છે. બે ભાઈઓ જે શારીરિક પ્રકૃતિમાં મળતા આવે છે તેના ગુણોમાં આસમાન જમિનનો ફેર પડી જાય છે. શારીરિક પ્રકૃતિના મળતાપણાનો ખુલાસો માબાપથી ઊતરંતા આવતા વારસાથી થાય છે પણ માનસિક ગુણોનો ખુલાસો કાંઈ એ ઊતરી આવતા વારસાથી થતો નથી. એનો ખુલાસો તો પુનર્જન્મના નિયમથીજ થાય છે અને મનુષ્ય વૃદ્ધિ કેમ થાય છે તેપણ એજ નિયમને આધારે સમજાય છે.

(૪) થી. આજ દાખલો એકજ માબાપ અને કુટુંબનાં બે જોડીઆં છોકરાંની જુદી જુદી સ્થિતિનો ખુલાસો સમજવામાં

પણ ઘણો કામ લાગે છે જોડીઆં છોકરાંની સ્થુળાકૃતિ મળતી આવે છે પણ તેઓના સ્વભાવ અને ગુણમાં ઘણો તફાવત જોવામાં આવે છે. એક બીજી આશ્ચર્યની વાત કોઈ કોઇ વખત એમ જોવામાં આવે છે કે જે વખત આ જોડીઆ છોકરાઓ બાળક હોય છે તે વખતે તેઓની મા અથવા ધાવ પણ તેઓને એકમેકમાંથી પીછાની શકતી નથી પણ જ્યારે તેઓ મોહટાં થાય છે અને તેઓનું મન તેઓમાં કામ કરતું થાય છે ત્યારે તેઓના ગુણ અને સ્વભાવ જુદા પડી જઇ તેઓના ચેહેરાની આકૃતિ બદલાતી જાય છે.

(૫) મી. બાલ્યાવસ્થામાં જે અકાળ વૃદ્ધિ જોવામાં આવે છે તેનો કાંઇક ખુલાસો હાલની વિદ્યા તરફથી આપણને મળવો જોઇએ. ચાર વર્ષની ઉમરના મોઝાર્ટે કોઇના ભણાવ્યા ગણાવ્યા વગર ગાયનની કળામાં વિદ્વતા મેળવી હતી તે વિદ્વતા તેનામાં ક્યાંથી આવી ? તેને રાગ ઊપર શોખ હતો એટલુંજ નહીં પણ જે ઢાળ એને ગોઠવવા આપ્યો હોય તેને ગોઠવી તેમાંથી બરાબર ગોઠવેલા શૂર (તાલ) કહાડવાની કુદરતી કળા તેમાં જણાતી હતી, જે કળા શિખતાં શિખતાં એક ગવૈયો વર્ષોના વર્ષો કહાડી નાંખે છે. આનો જવાબ એમ આપવામાં આવશે કે એતો ગવૈયાના કુટુંબમાં અવતર્યો હતો તેથી એનામાં એ કુદરતી કળા હતી. બેશક, એ જવાબ આપણે એક વખત કબુલ રાખીએ, કારણ કે તેના ભેજાની પ્રકૃતિ (જે બાપદાદેથી ઉતરે છે તે) આવી સર્વોત્તમ કળાને અનુસરતી હોય ન

તો આવી કૌશલ્યતા તેનેથી બતાવીજ ન શકાય; પણ એના કુંટુંબમાં એ એકલોજ ન અવતર્યો હતો, પણ બીજા ઘણા હતા, તેઓમાંથી કોઈમાં નહીં પણ એનામાંજ ગાવાની, વજાડવાની, નાચવાની, મુજરો કરવાની આશ્ચર્ય પમાડે એવી શક્તી કયાંથી આવી? વારસાથી ઊતરી આવવાના આવાં નજીવા જેવાં કારણમાંથી આવું મહાભારત કાર્ય કેમ ઉપન્ન થઇ શકે, કારણકે, મોઝાર્ટના કુટુંબમાં મોઝાર્ટ તો એકજ થઇ ગયો. આવા બીજા ઘણાએક દાખલાઓ આપણી જાણમાં છે કે, જેમાં છોકરાંઓ પોતાના ગુરૂ કરતાં પણ વધારે શિખી જાય છે; અને જે ગુરૂને શિખતાં વર્ષોના વર્ષો થઇ જાય છે તેનો અભ્યાસ તે છોકરાંઓ સેહેજ વખતમાં અને ઘણી સેહેલથી કરી શકે છે.

(૬) ઠી. બાલ્યાવસ્થામાં જે અકાળ વૃદ્ધિ જોવામાં આવે છે તે તો માત્ર વિશેષ બુદ્ધિનો એક નમુનો છે, પણ આ વિશેષ બુદ્ધિ ક્યાંથી આવી તેનો ખુલાસો થવાની જરૂર છે. પક્ષીઓ જે માર્ગે હવામાં ઉડે છે તે માર્ગ શોધી કહાડવાની જે મુશ્કેલી નડે છે તેના કરતાં વધારે મુશ્કેલી આ વાતનો ખુલાસો શોધી કહાડવામાં નડે છે. પ્લેટો, ડાનટે, બ્રુનો, શેકસપીઅર, ન્યુટન વગેરે મનુષ્ય જાતમાં જે તેજસ્વી પુરૂશો થઇ ગયા તે સઘળા ક્યાંથી આવ્યા? તે સઘળાઓ સાધારણ સ્થિતિવાળા કુટુંબમાં અવતર્યા હતા. એવા કે તે કુટુંબમાં એક નાકાથી તે બીજા નાકા સુધીના કોઈ પણ માણસે કશી રીતનું નામ કહાડયું નહતું અને કોઇ પણ તે કુટુંબોના ખુણે પડી રહેલા આદમીએ

ને ઓળખતું પણ ન હતું. આ કુટુંબોની સાધારણ બુદ્ધિની આજ શાબીતી હતી; એક છોકરૂં સામાન્યરીતે બીજા છોકરાં-ઓની માફક અવતરે છે, બીજાં છોકરાંઓની પેઠેજ તેની ઉ-પર પ્રેમ બતાવવામાં આવે છે, સંભાળ લેવામાં આવે છે તેને મારવામાં અને ભણાવવામાં આવે છે; એકાએક આ છોકરૂં તેજસ્વી નિકળે છે અને જાણે ચલીઆંના માળામાં ગરૂડપક્ષી ઉછરીને સૂર્ય તરફ ઉડી જાય છે તેમજ આ બચ્ચું દુનિયામાં મોહોટું નામ કરી દે છે. આ બીના જો સ્થૂળ ભૂવનની બાબ-તમાં બનતી હોય ત્યારે તો આપણને તેમાં કંઈ કહેવાનું રહ્યું-જ નથી, કારણ આપણે એમ સમજીએ છૈયે કે એનામાં એ-ના બાપદાદાની તાસીરનો વારસો ઉતર્યો અને તેથી કરી ગરૂડ પક્ષીનું બચ્ચું સૂર્ય ભણી ઉડે તેમાં કંઈ નવાઈ નથી, પણ એ બચ્ચું સાધારણ રીતે આપણા ઘરમાં જે ચલીયાં માળા બાંધે છે ત્યાં ઉછરીને પછી ગરૂડ પક્ષીના બચ્ચાં પેઠે સૂર્ય તરફ ઉડે છે ત્યારે તેની વંશાવળીની શોધ આપણે સાધારણ ચલીઆમાં જોવા નિકળતા નથી પણ એ ગરૂડ પક્ષીનો વેલો હશે એમ માનીએ છૈએ. આજ પ્રમાણે જ્યારે એક નામાંકિત પુરૂષ એ-ક સાધારણ સ્થિતિના માબાપને પેટે અવતરે છે ત્યારે તેની મહા બુદ્ધિનું કારણ આપણે તેના માબાપની વંશાવળીમાં જોતા નથી પણ તેના કારણ શરીરમાં જોઇએ છૈએ.

મહા નિતિમાન આચાર્યો જેવા કે લઓટઝે, બુદ્ધ, જરથુસ્ત્ર, ઇસુખ્રિસ્તનું આ દુનિયામાં પેદા થવું તેઓના વંશપરં-પરાથી હતું એમ કોઇપણ કહેવાને હીંમત ધરશે ? આ મહા

તેજસ્વી મનુષ્ય મોર જે ઝાડ ઊપર ખીલી રહ્યાં હતાં તેનું દૈવીક મૂળ શું આપણે સ્થુળ વંશપરંપરામાં શોધીશું અને તેઓના મહા કૃપાળુ ઝરાનું મૂળ એક સાધારણ નાના સરખા મનુષ્ય કુવામાં જોવા જઇશું ? કોઇના શિખવ્યા વગર તેઓને થયલી જ્ઞાનદૃષ્ટિ, તેઓની અધ્યાત્મ બુદ્ધિ અને મનુષ્ય જાત ઉપર પડતી પીડાઓ અને તંગીઓનું જ્ઞાન એ સઘળું તેઓ ક્યાંથી લાવ્યા ? તેઓના જ્ઞાનોપદેશથી માણસો એટલાં અંજાઇ ગયાં હતાં કે તેઓ આ જ્ઞાનીઓના જ્ઞાનને ઇશ્વિરોક્ત શાસ્ત્ર અથવા ઇશ્વરવાણી માનતા હતા; પણ એવુ કંઈજ નથી કારણ કે સેંકડો અવતારોમાં તેઓને જે અનુભવ થયલો હતો તેનું ફળ આ તેઓનું જ્ઞાન હતું. જેઓ ઇશ્વર વાણી જેવું કાંઈ છેજ નહીં એમ માને છે તેઓએ તો કબુલ કરવું જોઈએ કે આ તેઓનું જ્ઞાન પુનર્જન્મને લીધે હતું, અથવા જો પુનર્જન્મને ન માને તો એ સિદ્ધાંત ન સમજણો પડે એવું છે એમ તેઓએ કબુલ કરવું જોઇએ. જો એમ માનીએ કે વંશપરંપરાથીજ બુદ્ધ અને ખ્રિસ્ત જેવા મહાજ્ઞાનીઓ અવતરે છે તો તેમાંના એક બે નહીં પણ ઘણાએકો અવતરવા જોઇએ.

(૭)મી. જુદા જુદા પ્રકારનું જ્ઞાન કોઈ ઝડપથી મેળવે છે અને કોઈને તે મેળવતાં ઘણો વખત થઇ જાય છે. એ મોહોટો તફાવત જ્યારે આપણે તપાસી જોઈએ છેએ ત્યારે ઉપર દર્શાવેલા અનુમાન ઉપરજ આપણને આવવું પડે છે. બે હાથી

આર આદમીઓની બુદ્ધિ આપણે તપાસી જોઇએ. એમ સમજો કે આ બંનેને એકજ જાતનું ફિલસુફી જ્ઞાન શિખવવાનો આરંભ કર્યો. આમાંનો એક ઝડપથી એનું રહસ્ય ગૃહણ કરી શકે છે અને બીજાથી તેમ થતું નથી. હવે આજ એને બીજી તરેહનું જ્ઞાન આપવા માંડો તો માલમ પડશે કે જે ફિલસુફી જ્ઞાન ઝડપથી નહીં સમજી શકતો હતો તે આ જ્ઞાન ઝડપથી સમજી શકે છે અને બીજાથી તેની માફક દોડાતું નથી. એકને ફિલસુફી જ્ઞાન તરફ સારૂં વલણ હોય છે તો બીજાને બીજાં જ્ઞાન તરફ વધારે વલણ હોય છે. બ્રહ્મજ્ઞાન શિખવાનું મન બે અભ્યાસીઓને થાય છે અને તેઓ તેનો અભ્યાસ કરવાનું કામ શરૂ કરે છે. એક વર્ષને આખરે તેમાંનો એક તેની અંદર જે રહસ્ય છે તે ગ્રહણ કરી લે છે અને તે પ્રમાણે વર્તે છે; બીજો જાણે ભુલભુલામણીના ક્યારડાઓમાં ફાંફાં મારતો હોય તેવો રહી જાય છે; તેમાંના એકને બ્રહ્મવિદ્યાની દરેક બાબત જાણીતી હોય તેમ લાગે છે; બીજાને સઘળી બાબતો નવી નવી જ લાગે છે. જે પુનર્જન્મને માને છે તેઓ એમજ ધારે છે કે તેમાંના એક જણે પૂર્વજન્મમાં બ્રહ્મ વિદ્યાનો અભ્યાસ કર્યો હશે; અને બીજાએ ન કરેલો તેથી તેને સઘળું નવું નવુંજ લાગે છે. એક વધારે જલદી શિખે છે કારણકે તેનું આગલું જ્ઞાન મેળવેલું તેને જલદી યાદ આવે છે; બીજો તેનો નવેસરથી અભ્યાસ કરે છે માટે તેને જ્ઞાન મેળવતાં વાર લાગે છે.

(૮) મી. પૂર્વ જન્મમાં જે જ્ઞાન મેળવ્યું હોય છે તેની સાથે અંતર્જ્ઞાન ઘણો પાસેનો સંબંધ ધરાવે છે. આ અંતર્જ્ઞાનથી જે સ-

ત્યવાત હોય છે તે ઘણી સેહેલથી ધ્યાનમાં ઊતરી શકે છે અને એ સત્ય છે એમ માનવાને અનુમાન કે દલીલથી સમજવાની કાંઇ જરૂર રહેતી નથી. આ અંતર્જ્ઞાન બીજું કંઇજ નહીં પણ ગયા જન્મમાં જે જ્ઞાનનો અનુભવ મેળવેલો હોય છે તે છે. એની નીશાની એ છે કે તમને ગમેતેવી દલીલથી સમજાવવામાં આવે પણ તમારાં મનમાં અંતર્જ્ઞાનથી કરીને જે વિશ્વાસ બેશી ગયલો હોય છે તે નિકળી શકતો નથી; જે માણસોને માટે એક વિષય નવો છે તેને તે વિષયની સત્યતાની ખાતરી થવા માટે દલીલ અને અનુમાનની જરૂર છે, પણ જે માણસને તે વિષયની ખાતરી થઈ ચુકેલી હોય છે તેને માટે દલીલની કશી જરૂર નથી. પૂર્વજન્મમાં તેને તો તે વાતનો અનુભવ થઇ તેના મન ઉપર પાકો ભરોસો બેસી ચુકેલો છે માટે જે જુના રસ્તાથી તેને એક વાત સિદ્ધ થઈ ચુકી છે તે રસ્તો પાછો પકડવાને તેને ગરજ રહેતી નથી.

(૯) મી. માણસોમાં ચાલતી ઊંચી નિચી દશા, એક માણસમા વધારે આવડત બીજામાં ઓછી, એકને ફાયદો, બીજાને ગેરફાયદો એ સઘળાનું કારણ પુનર્જન્મના નિયમ શિવાય બીજા કોઇ પણ સિદ્ધાંતથી સમજી શકાતું નથી. જો પુનર્જન્મને ન માનીએ તો એમ અનુમાન થાય છે કે આ તફાવતો, જે દરેક માણસ વચ્ચે જોવામાં આવે છે તે કોઇપણ જાતના ઈનિસાફથી નહીં પણ તેઓના કર્તાની રમત ગમમતને માટે બને છે, અથવા તો આત્મ રહિત કુદરતની આંધળી શક્તિઓને લીધે બને છે. એક છોકરૂં સઘળી જાતના નરપશુ વિકારો, તૃષ્ણાઓ,

કુકર્મવાળા ગુણો સહિત અને નિચ પ્રકૃતિવાળું નિચ માબાપને ત્યાં અવતરે છે; તે મોહટું થાય છે ત્યારે ચોર, કસ્યાતેણ અને દરેક જાતના દુર્ગુણવાળું નિપજે છે. બીજું છોકરૂં ઘણાંજ ઉમદા સ્વભાવવાળું, ઊંચ બુદ્ધિનું અને ઘણુંજ થોડું જડશુ અવતરે છે; તે ઊંચ માબાપને ત્યાં પેદા થાય છે તેથી તેની જડ પ્રકૃતિ ઊંચ પ્રકારની બને છે અને માબાપનો સતસંગ અને કેળવણી સારા પ્રકારના હોવાને લીધે તે ભલું ઉદાર અને પર્માર્થી થાય છે, અને પોતાના દરેક નિચ વિકારોને વશમાં રાખે છે. પેલું દુર્ગુણી છોકરૂં દુર્ગુણી પ્રકૃતિનું હોવાને લીધે તેના નશીબમાં પાપી કર્મોજ કરવાના હોય છે, પણ કદાચ તેમાં ઇશ્વરી કિરણ થોડું ઘણું પ્રકાશતું હોય છે તો તેને પોતાના નિચ વિકારોને જીતી તેની ઉપર ફતેહ મેળવવાને ઘણી મુસ્કેલીઓ વેઠવી પડે છે; તે એટલે સુધી કે આ મુસ્કેલીઓથી થાકી જઇ તે અધમુવું અને નીરાશ બની જાય છે. પેલું સદગુણી છોકરૂં ભલી પ્રકૃતિનું હોવાને લીધે તેના નશીબમાં ભલાં જ કામો કરવાના હોય છે અને તેને નિચ વિકારો સાથે લડવાની મેહેનત ન પડતાં તેની નીરંતર ઊન્નતી થતી જાય છે. જો મનુષ્ય જાતનું માણસ દેહમાં આવવું (કેટલાએક ખોટી રીતે ધારે છે તેમ) પેહેલી વખતનુંજ હતે તો એકની ચઢતી દશા અને બીજાની પડતી દશા શા માટે થતે? જો એમજ હોતતો મનુષ્ય જાત જે પર્મેશ્વરની પુંજા કરે છે તેના આવાં ગેરઇનસાફીપણાને લીધે તેને જે સારા ધર્મ અને સારા ગુણવાળો કહે છે તે કેહેવું તેઓ આચકો ખાઇ બંધ કરતે. એમ ધારો કે આવાં ગેરઇનસાફીભરેલાં પરીણામો

આત્મ રહિત કુદરતની આંધળી શક્તિઓથીજ નીપજતાં હોત તો માણસોની ઉપર જે પીડાઓ પડે છે તેને માટે પોતે નીરાધાર છે એમ સમજી તેઓના મનમાં આવા ગેરઇનસાફને લીધે ક્રોધ આવી જાત એ સ્વભાવીક છે; કારણ એ તો એક સોરટીના જેવું થઇ પડતે અને સુખનો કે દુઃખનો જે પાસો પડે છે તે વાત તેઓના હાથમાં નરેહેતે.

પણ પુનર્જન્મ જેવી વસ્તુ છે અને તે સત્ય છે એમ જ્યારે માનીએ છૈએ ત્યારે તો એમજ સિદ્ધ થાય છે કે આ દુનિઆમાં ઇનિસાફનોજ અમલ ચાલે છે અને માણસોનું ભવિષ્ય માણસો પોતાને હાથેજ બાંધે છે. ખરાબ વિચારો અને કૃત્યોને આધીન રહેવું, બીજાનું ભુંડું કરવું, આપસ્વાર્થે પારપાડવાને તત્પર રહેવું એ સઘળાં કૃત્યો પુનર્જન્મ લેનાર માણસના આવતા જન્મમાં વધારે વૃદ્ધિ પામે તેને માટે તેને અનુસરતુ મગજ તૈયાર કરી આપે છે, તે એટલે સુધી કે આ મગજમાં કોઇ પણ રીતના સારા કાર્યોની તો અસર થતીજ નથી, પણ કોઇબી ભુંડાં કૃત્યો કરવાનું વલણ એકદમ પકડી લે છે. આવા પ્રકારની પ્રકૃતિનું બચ્ચું એવીજ પ્રકૃતિના જડશુ માબાપને પેટે અવતરે છે, જેઓ તરફથી એને દરેક રીતના ભુંડાં કૃત્યો કરવાને માટે દરેક જાતની સગવડ મળે છે. કેવું ભયંકર ? હમેશ દારૂપીવાની હઠથી જેવી રીતે શરીર અને મગજનો નાશ થવાનો ભય રહે છે તેવીજ રીતનો ભય આમાં રહે છે. પણ જે ઠેકાણે ઇનસાફ અને અભંગ (નહીં તોડી શકાય એવા) કાયદાનો અમલ ચાલે

છે ત્યાં આપણુને સારી આશા રહે છે. કારણકે વાથી ઘસડાઇ જાય એવી રીતના આપણે ઘાસના તણખલાં નથી પણ આપણાં નશીબનો કર્તા આપણેજ છૈએ કેમકે જ્ઞાને કરીને આ કાયદાઓ ઉપર આપણે અખત્યાર ભોગવીએ છૈએ; એ કાયદાઓ આપણને ગફ્લતમાં નાખતા નથી અને આપણી સાથે શત્રુ ભાવ ન રાખતાં આપણા સહાય કરનાર થઇ પડે છે. જેમ માણુસ ભુડાં કૃત્યો કરે છે તેમ તે સારાં પણ કરી શકે છે, અને જેવું કરે છે તેવું પામે છે. ભુડાં વિચારો અને કૃત્યો કરતાં અટકવું, બીજાનું ભલું કરવું, પર્માર્થના કાર્યો કરવાનો દૃઢ નિયમ રાખવો એ સઘળાં કૃત્યો આવતા જન્મમાં વધારે વૃદ્ધિ પામે છે અને તે જન્મના કાર્યો હમેશ શૂભ થાય છે અને કોઇ પણ જાતના ભુડાં કામ કરવાનું વલણ કોઇ પણ પ્રકારે થતું નથી. આવી પ્રકૃતિવાળાં છોકરાંનો જન્મ સારાં માબાપને પેટે થાય છે અને એમ થયાથી દરેક જાતના સારાં કાર્યો કરવાની સારી તક અને સારી પ્રકૃતિવાળું શરીર તેને મળે છે. પણ દરેક છોકરાંની બાબતમાં જે તેનું શરીર બંધાય છે તે તેનો કર્ત્તા જે કારણ શરીર છે તેના સંચિત પ્રમાણે બંધાય છે.

વળી લોકોના મનની આશા અને તેઓની ગ્રહણશક્તિ વચ્ચે જે તફાવત પડી જાય છે તેનો ખુલાસો પુનર્જન્મના નિયમથી થાય છે. આપણે જોઇએ છૈએ કે જે માણસનું મન કામ કરવાને ઘણું આતુર હોય છે તેનું શરિર કામ કરવાને ઘણું અશક્ત હોય છે, તેનું કારણ એ છે કે પૂર્વ જન્મમાં તેણે

શરીરબળ વાપરવાની આળસ કરેલી હોવાને લીધે આ જન્મમાં તેનું શરીર અશક્ત પેદા થયું છે. વળી આપણે જોઈએ છૈએ કે બીજો માણસ પોતાની ઘણા ઉંચા પ્રકારની સિદ્ધિ થવાને માટે ઉમેદ રાખે છે, ઘણીજ બારીક સમજનું જ્ઞાન મેળવવાને હૃદય ભેદક આતુરતા રાખે છે. પણ તેનું મગજ એવું જડ હોય છે કે તે જ્ઞાનનું મૂળતત્વ કે મુખ્ય અગત્યની બાબતો પણ તે સમજી શકતો નથી, અથવા જો પરમાર્થ કરવાનુ તેને મન હોય છે તો સાધારણ સ્વાર્થ રહિત અને ઉપયોગી કામ પણ તેનાથી કરી શકાતું નથી. એ ઉપરથી આપણને એમ માલમ પડે છે કે એ માણસે જ્ઞાન લેવાની અને સિદ્ધિ પ્રાપ્ત કરવાની આવેલી તક એના ગયા જન્મમાં ખોહી દીધેલી હોવાને લીધે તેના અંતર્માનસથી આ જન્મમાં એના ઉમેદ પ્રમાણે ઉપર ચઢી શકાતું નથી અને એનું બળ લુલું થાય છે અને એના સન્મુખ પ્રત્યક્ષ જ્ઞાન છે છતાં એના પોતાના કૃત્યથી આવરણ આવી ગયલું હોવાને લીધે તે એને દેખાતું નથી. અને કોઇ પણ પ્રકારની શક્તિના આડે આવ્યાથી એ જ્ઞાન આવવાનો અટકાવ થાય છે એવું કાંઇ છેજ નહીં. જે લોકો પુરૂષ વાચક પર્મેશ્વરને માણસના આત્માઓનો કર્તા અને તેઓની ઉપર અમલ ચલાવનાર માને છે તે વિચાર કરવા માટે એક બીજી સુચના છે. શું એમ ધારવું વાજબી છે કે પર્મેશ્વર પોતાના પેદા કરેલાં પ્રાણિઓ કે જે તૃષ્ણા અને વિકારોથી ભરપુર છે તેના કેહેવા મુજબ ચાલીને પોતે અમુક આત્માવડે અને તે આત્માને વશ નહીં રહી

શકે એવા તથા પોતાની મરજી મુજબ ભોગ કરનાર કૃત્યોથી બંધાયલું જે આ શરીર તેમાં મુકે ? જે લોકો મનમાં કલ્પેલા પર્મેશ્વરને માન આપી ચાલનાર છે તેના મનને આવો વિચાર ઘણો ભુલભરેલો લાગે છે. છતાં જ્યાં સુધી તેઓ માને છે કે માણસોને જુદા જુદા આત્મા હોય છે અને પુનર્જન્મ જેવી વસ્તુ છેજ નહીં ત્યાં સુધી એમ ધાર્યા શિવાય તેઓને માટે બીજો રસ્તો નથી.

૧૦મી. જે લોકો માણસ અમર છે એમ માને છે તેઓના વિચારને માટે એક બીજી દલીલ એ છે કે સઘળી ચીજો કે જેને વખતનો અવધી છે તેનો આદિ અને અંત છે. જે ચીજને આદિ છે તેનો અંત પણ છે. અને મૃત્યુ પછીનું અમરપણું હોય તો જનમ્યા અગાઉનું પણ અમરપણું હોવુંજ જોઇએ એ આવસ્યક પરસ્પર સંબંધ સૂચક વસ્તુ છે. આજ કારણ ઉપરથી હુમે એમ દર્શાવેલુ છે કે ફિલસુફી જ્ઞાનને આધારે જોવા જઈએ છૈએ ત્યારે તો શાસ્ત્રગુન ખુલાશો એજ મળે છે કે આત્માને પુનર્જન્મ લેવોજ પડે છે કેમકે જે અવિનાશી છે તે અનાદિ પણ હોવુજં જોઇયે. જો આપણા વિચારને ફિલસુફી જ્ઞાન પુગવાની પદ્ધતિ ઉપર મુકીએ છૈએ ત્યારે તો કાં તો પુનર્જન્મ છે એમ માનવું જોઇયે. અથવા તો મૃત્યુ પછી કોઇપણ સ્થિતિ છેજ નહીં એમ માનવુ જોઇયે અથવા અંગિકાર કરવુ જોઇયે.

૧૧મી વળી માણસની અધ્યાત્મ બુદ્ધિ (આત્મા) અમર છે એમ કબુલ રાખીયે ત્યારે એવો આત્મા આ દુની-

આમાં આવીને ફીજીના ટાપુઓ માહેલા એક જગલીના ખોળી-યામાં અવતાર ધારણ કરીને આ દુનિઆ જેમાં હજારો વસ્તુઓ-નો અનુભવ લેવાનો છે પણ જે હજુ તેને મળ્યો નથી તે લેવાને તે પાછો આવતો નથી એમ માનવુ અજ્ઞાનતા અથવા મુર્ખાઇભરે લું નથી શું ? આપણે જાણીએ છૈએ કે એક ફિજીવાશી જંગલીને જે માનસિક અને અધ્યાત્મિક જ્ઞાન હોય છે તેના કરતાં અતિઘણું વધારે જ્ઞાન માણસોને આ દુનિયામાં મળી શકે છે. ત્યા-રે સંપૂર્ણ જ્ઞાન મેળવ્યા શિવાય આત્મા આ દુનીયા હમેશને મા ટે છોડીને શા સારૂ જાય વારૂ ? આવા અધુરા જ્ઞાનવાળા આત્માને બીજી ઉંચી અધ્યાત્મિક સૃષ્ટિ ઉપર મોકલવો એ એક સાધારણ ક, ખ, ગ, શિખતા છોકરાને ઉંચામાંઉંચી વિદ્યા ની (University) શાળામાં મોકલ્યા બરાબર છે. સાધારણ અ કકલથી તો એમજ જાણીએ છૈએ કે એક છોકરાથી નિશાળ ના એક વર્ગમાંથી બીજા વર્ગમાં ફતેહ મેળવી આખરે સઊ થી ઉપલા વર્ગની પરીક્ષામાં ફતેહમંદ નીવડયા પછીજ કોલેજ માં જવાય છે. નિશાળની છેલી પરીક્ષા પાસ કર્યા વગર તેનાથી કોલેજમાં જવાતું નથી એ સ્વભાવિક છે.

૧૨મી. જીવનચક્રમાં સૃષ્ટિના તત્વોનો મુકાબલો કરવાથી કેટલાંએક અનિત્ય અને કેટલાંએક નિત્ય. એવાં જોવામાં આવે છે. એક ઝાડને પાતરાં ઉગે છે, મોહટાં થાય છે, અને ખરી પડે છે. તે પાતરાંઓ પોતાની હૈયા-તીમાં ખોરાક લે છે અને તે ખોરાકમાંથી ઝાડને ઉપયોગી થ

ઈ પડે એવાં તત્વો બનાવી આપે છે, અને આખરે ઝાડમાં પોતાની પ્રાણુશક્તિ મેલી કરમાઇ જાય છે. તેજ પાત્રાં પાછાં સજીવન થતાં નથી, પણ ઝાડ તો તેનું તેજ કાયમ રહે છે અને નવી વસંત રૂતુમાં નવાં પાલાં તેને આવે છે. આજ પ્રમાણે મનુષ્ય દેહ* અસ્તિમાં આવે છે, સઘળા અનુભવો એકઠા કરે છે, આ અનુભવોની વાંસના બંધાય છે, અને કારણ શરીર કે જેને લીધે આ શરીર બંધાયું તેને પોતાની વાંસનાઓ આપી દઇને પાછો નાશ પામે છે; હવે આ કારણશરીરનો શિયાળો [1] આવે છે એટલે બીજો મનુષ્ય દેહ ધારણ કરે છે. અને તે દેહમાં પણ એજ પ્રમાણેની ક્રિયા ચાલુ રહે છે અને એવી રીતે આ મનુષ્ય ઝાડ (એટલે કારણ શરીર) ને પુ.ષ્ટિ મળ્યા કરે છે. અને કુદરતમાં જ્યાં જોશો ત્યાં આવીજ રીતની ક્રિયા ચાલુ રહેલી જોવામાં આવે છે. ક્ષણભંગુર ચીજો અમર વસ્તુઓને પુષ્ટિ આપ્યા કરે છે અને એ ક્ષણભંગુર વસ્તુઓના ફણગા અમર વસ્તુઓમાંથીજ નિકળ્યા કરે છે.

૧૩ મી. ફરી ફરીને આવતાં ઐાતિહાસીક કાળચક્ર દેખાડે છે કે માણસોના મોહટા જથાનો દર વખતે પુનર્જન્મ થયા કરે છે. જે પ્રકારની બુદ્ધિ અને પ્રકૃતિ ઇશ્રીસનના પહેલા સૈકા

---

*મનુષ્ય દેહ અહીંઆ ઝાડના પાતરાંની સાથે મુકાબલો કરે છે અને કારણ શરીરનો ઝાડની સાથે મુકાબલો થાય છે. ભા. ક.

[1] મૃત્યુ થયા પછી બીજો અવતાર લેવાનો વખત આવે છે તેને શિયાળાની ઉપમા આપી છે. ભા. ક.

માં જોવામાં આવતી હતી તેવીજ પ્રકારની બુદ્ધિ અને પ્રકૃતિ ઇશ્વીસનના પંદરમાં સૈકામાં પણ જોવામાં આવતી હતી.

આ વિચાર ધ્યાનમાં રાખી એક અભ્યાસક રોમન લોકોના ઇતિહાસમાંનો ઓગસ્ટન કાળનો મુકાબલો અંગ્રેજી ઇતિહાસમાંના ઇલીઝાબેથના કાળ સાથે કરી જોશે તો તેને માલમ પડશે કે જેવી રીતે તે વખતના રોમન લોકોએ રાજ્યો જીત્યાં હતાં સંસ્થાનો વસાવ્યાં હતાં, અને રાજ્યો ઉપર અમલ ચલાવતા હતા તેવીજ રીતે ઇલીઝાબેથના વખતના લોકો પણ કરી ગયા છે. વળી જો ધાર્મીક સ્થિતિ પણ તે તપાસી જોશે તો તેને માલમ પડશે કે ત્રીજા અને ચોથા સૈકામાં જે ગુપ્ત વિદ્યા અને જ્ઞાનવાદ જોવામાં આવતો હતો તેનાજ બી પાછાં રોપાએલાં અઢારમાં અને ઓગણીસમાં સૈકામાં જોવામાં આવશે. આવી રીતનો અભ્યાસ એ કરશે તો એને થોડા વખતમાં માલમ પડશે કે થિઓસોફી (બ્રહ્મ વિદ્યા)ને લગતાં ગ્રંથોમાં એમ લખેલું છે કે બે જન્મોની વચેનો કાલાંતર પંદરસેં વર્ષોનો છે તે ખરૂં છે, અને એવું લખાણ કંઈ કલ્પનાથી અથવા અટકળથી થયું નથી.

૧૪ મી. મનુષ્ય કુળની ચઢતી પડતીનો ખુલાસો પણ પુનર્જન્મના સિદ્ધાંતથી ઘણો શ્રેષ્ટ રીતે થઈ શકે છે. કોઇ કોઇ વાર એમ માલમ પડે છે કે મનુષ્યની કેટલીએક જાતિઓનો

પૂરની રીતે બચાવ કર્યા છતાં તેઓનો ક્ષય થાય છે; તે જાતિની સ્ત્રીઓ વાંઝણી થતી જાય છે અને તેઓની સંખ્યા દીનપરદીન ઘટતી જાય છે અને આખરે તેઓનો કુલ ક્ષય થાય છે. આમ થયાથી પુનર્જન્મ વાદીનું કહેવું એવું થાય છે કે "મનુઓ આ જાતિને છોડી જાય છે તેથી આમ થાય છે" આ સઘળાં ઉપરથી જે સાર બોધ ગ્રહણ થઇ શકે છે તે સમજાઇ ચુકયો છે.

આ મનુઓને આ જાતિમાં જે અનુભવ મળવાનો હતો તે તેઓને મળી ચુકયાના કારણથી પાછા તે જાતિમાં તેઓ અવતરતા નથી એ સ્વભાવીક છે એજ પ્રમાણે વળી આપણે જોઇએ છૈએ કે એક મનુષ્યકુળ પોતાની ઊન્નતીની બાબતમાં ઊંચા શિખર ઉપર ચઢી ચુકયું કે પછી તે કુળનો ધીમે ધીમે ક્ષય થવા માંડે છે અને તેજ વખતે બીજી મનુષ્ય જાતિની ચડતી થવા માંડે છે કારણ કે જે મનુષ્યોની ઉન્નતી અમુક જાતિમાં થઈ ચુકી હોય છે તે મનુઓ બીજી જાતિ જેમાં તેઓને અનુભવ લેવાનો છે તેમાં અવતરે છે અને બીજા મનુઓ પેલી અમુક જાતિ વિષે બીન અનુભવી રહેલા હોય છે તેમાં અવતરે છે. અને એવીજ રીતે એક જાતિમાંથી અનુભવી મનુઓ જઈ બીન અનુભવીઓ જેમ જેમ આવતા જાય છે તેમતેમ તેનો ધીમેધીમે ક્ષય થતો જાય છે અને આખરે તે જાતિનો કુળક્ષય થઈ ગયલો દીઠામાં આવે છે. પુનર્જન્મની બી-

જી ઘણી સાબીતીઓ છે જે કે જગ્યાની સંકોચને લીધે અહીં યા લખી નથી પણ જેટલી લખેલી છે તેટલી બસ છે. જેમ જેમ અભ્યાસકનું જ્ઞાન વધતું જશે તેમતેમ તેને વધુ સાબીતીઓ મળતી જશે અને તેનો ઉમેરો આ સાબીતીઓમાં તે કરી શકશે.

પુનર્જન્મ વિશેનાં વાંધાઓ.

આ વાદની વીરૂધ્ધ પક્ષવાળાઓ અને એ વિષયની ખોળ કરનાર લોકો તરફથી વારંવાર જે વાંધાઓ લેવામાં આવે છે તેમાનાં અહીંઆં માત્ર નમુના તરીકે ટાંકવામાં આવે છે.

(૧) **વિસ્મૃતિ,** એ વાંધાનો ખુલાસો "મનુષ્યપ્રકૃતિમાં જે તત્વો પુનર્જન્મ લેતાં નથી તે ક્યાં ક્યાં છે" તેમાં આવી ગયલો છે તેથી તે પાછો અહીંઆં લખવાની જરૂર નથી.

(૨) **લોકોની વસ્તીનો વધારો.** એમ પુછવામાં આવે છે કે જો મનુઓની અમુક સંખ્યા નીમેલી હોય છે તો મનુષ્યની વસ્તીમાં જે વધારો થતો જાય છે તેનો ખુલાસો શું ?

દુનીયાના એક ભાગ ઊપર એકવાર વસ્તીનો વધારો જોવામાં આવે છે પણ તેથી કંઇ એમ સિધ્ધ થતું નથી કે આખી પૃથ્વિની એકંદર વસ્તીમાં પણ તે વધારો થયો છે. આખી પૃથ્વિ ઊપર વસ્તીનો વધારો થાય છે કે નહીં એ તો શક પડતી વાત છે. પૃથ્વિ ઉપરની આખી મનુંષ્ય વસ્તીની ગણતી અત્યાર સુધી કોઇપણ દીવસ લેવામાં આવી નથી, અને આપણી માહીતીને માટે આખી પૃથ્વિનું વસ્તીપત્રક કોઇપણ

ઠેકાણેથી મળી આવતું નથી. પણ એકવાર એમ સમજો કે કુલ વસ્તીમાં વધારો થયો છે તો એ વધારો જે વધુ મનુષ્યોની સંખ્યા અવતરવાની હતી તેને અનુસરતો છે. કારણકે જે સંખ્યા હાલ મનુષ્ય અવતારમાં નથી * તેના પ્રમાણમાં જોતાં જે અવતરેલી છે તે ઘણી ઓછી છે. આ સવાલનો જવાબ ઘણીજ સહેલ રીતે નીચે પ્રમાણે આપી શકાય છે; એમ સમજો કે ત્રણ હજાર મનુષ્યોની સંખ્યાનું અવતરવું નિર્મીત થઇ ચુકયુ છે, એમાના એક સોમનુષ્યો અવતરી ચુકયા છે અને ઓ ગણતીસેં અવતર્યા વગરના રહેલા છે; હવે જે એક સોમનુ અવતરી ચુકયા છે તેઓનો ફરીથી અવતાર લેવાનો વારો પંદર્સે વર્ષ પછી આવવાનો છે; અને એ પછીના દરેક સો મનુષ્યોની સંખ્યાનું આવવું જવું આજ અનુક્રમ પ્રમાણે થાય છે; આમાંથી કોઇકોઇનું અવતરવું તેના કર્મ પ્રમાણે થોડું વેહેલું થાય છે તેના પ્રમાણમાં તે વખતે વસ્તિનો વધારો હોવોજ જોઇએ. જે લોકો આ પ્રકારનો વાંધો ઉઠાવે છે. તે લોકોનું ધારવું એમ થાય છે કે અડધી સંખ્યા અવતરે છે, અને અડધી-સંખ્યા બાકી રહે છે; પણ ખરૂં જોતાં તો જે સંખ્યા બાકી રહે છે તે જે સંખ્યા અવતરી ચુકી છે તેના પ્રમાણમાં ઘણીજ મોહટી છે. આખી સૃષ્ટિને મુકાબલે આ પૃથ્વિ એક મોહટા કસબામાં એક નાનો સરખો સભાનો ઓરડો હોય અને તેમાં આખા કસબા

*એટલે કે જે મનુષ્યોનો અવતાર લેવાનો વારો હવે પછી આવવાનો છે. ભાં. ક.